R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 11 • PAGES : 48 • MUMBAI • DATE : 5TH APRIL 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

**HD Fire Protect Limited**
Corporate HQ: D-6/2, Road No. 34,
Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 35287000 Email: info@hdfire.com

HD FIRE PROTECT™
Protecting what matters most to you

90 COUNTRIES. 1 PROMISE.
PEACE OF MIND.

35 YEARS OF TRUST

With a customer-centric approach, extensive manufacturing capabilities, and a commitment to service excellence, you can rest easy knowing that we have got your back.

Distributed 90+ countries
Trusted by 2K+ clients
Global Certifications



www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.





॥ શ્રી સિમંધરસ્વામિને નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥
॥ શ્રી ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ॥

# શ્રી અર્હ ફાઉન્ડેશન ટ્રસ્ટ - મુંબઇ

## જિનશાસનની સેવામાં એક મહત્વપૂર્ણ
## ઝગમગતા 'તારલા' તરફ અગ્રેસર
## ગુણોદય-મુક્તિ-જય-ગુણ આશિષે

# શ્રી જયલક્ષ્મી બાગ



**જ્ઞાન-ધ્યાન-વૈયાવચ્ચ વાટિકાનું નિર્માણ કરવા આગળ વધી રહ્યા છે.**
**જેમાં હશે વિવિધ આરાધનાના સ્થાનો જે સાધક આત્માને**
**જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયમાં આગળ વધારી પરમ સમાધિની અનુભૂતિ કરાવશે.**

## સંકુલ લાભાર્થી

જે સંકુલમાં જે પવિત્ર આરાધનાઓ થશે. એ પવિત્ર વાસ્તુમાં જ્ઞાનની પરબ મંડાશે, ધ્યાનની ધણી ધખાશે, સેવાનો યજ્ઞ મંડાશે, તપ, જપનું આરાધનાલય બનશે એનો લાભાર્થી પુણ્યશાળી પરિવાર છે.

**મા. દેવકુંવરબાઇ ડૉ. મેઘજી વેલજી ધરમશી (ગોરખડી) તારદેવ**
**હસ્તે - ઉર્વશીબેન, પ્રિયંવદાબેન વિદ્યાતાબેન, તક્ષશીલાબેન.**

## પ્રવેશદ્વાર એવં ભૂમિદાતા

જે પાવન ભૂમિ ઉપર અદ્ભૂત જ્ઞાન-ધ્યાન વૈયાવચ્ચ વાટિકારૂપ શ્રી જયલક્ષ્મી બાગનું મંડાણ થશે અને જે ભૂમિ ઉપર સ્થવિરાલય, જ્ઞાનાલય, ધ્યાનાલય, સાધર્મિક આરાધનાલય બનશે. એવા ઉદારદિલ દાનેશ્વરી પરિવાર

**લધા મા. જયાબાઇ રતિલાલ વાલજીયા**
**હ. મધુરીબેન જયંત લોડ (સુથરી) મુલુંડ**

## જ્ઞાનાલય

જિનશાસન પ્રેમી, મુમુક્ષુ, જ્ઞાનપિપાસુ શ્રાવક-શ્રાવિકા એવં સાધુ-સાધ્વીજી ભગવંતોને રહેવા સાથે જ્ઞાનાભ્યાસ માટે પંડિતની વ્યવસ્થા એવં આગમ ગ્રંથો સહિત જ્ઞાનભંડાર સાથેનું સ્થાન આપશે

**શ્રી મધુર-ભવ જ્ઞાનાલય**
**માતુશ્રી મધુરીબાઇ ભવાનજી લોડાયા (કોઠારા)**
**ચાલીસગામ-વિદ્યાવિહાર**

## આરાધનાલય

વૃદ્ધ, એકાકી સેવા ભક્તિ રસિક આરાધક શ્રાવક-શ્રાવિકા માટે સેવા સાધનામય જીવન વીતાવવા માટે શાતાકારી વ્યવસ્થા આપતું **સાધર્મિક આરાધનાલય**

**મુખ્ય લાભાર્થી ૫૧ લાખ**
**આઠ રૂમ પ્રત્યેક રૂમના રૂા. ૭ લાખ**
**દાતા આવકાર્ય છે.**

## ભોજનાલય

વૃદ્ધ-બિમાર-શ્રાવક શ્રાવિકા, સાધુ-સાધ્વીજી ભગવંત સ્વરૂપ ચતુર્વિધ સંઘના સુપાત્રદાન, તપસ્વીઓના સાત્વિક ભોજનથી ભક્તિ કરી લાભ લેતું

**ચતુર્વિધ સંઘ ભક્તિ ગૃહ**
**લાભાર્થી**
**ગુરુભક્ત પરિવાર**

## સ્થવિરાલય

શ્રી સંઘ અને સાધના માટે જીવન સમર્પિત કરનાર સાધ્વીજી ભગવંતોને અંતિમ અવસ્થામાં શાંતિ અને સમાધિ પામવા માટેનું શ્રેષ્ઠ સ્થાન બનશે.

**શ્રી મુક્તિ-જય-ગુણ સંયમ વાટિકા**
**લાભાર્થી**
**શ્રી ક.દ.ઓ. મહાજન**
**ચાલીસગામ**

## અરિહંત ધ્યાનાલય

આત્મ સાધનાના મુખ્ય અંગ સ્વરૂપ ધ્યાન સાધના માટે અનુકુળ નૈસર્ગિક શાંત વાતાવરણમાં અદ્ભૂત ધ્યાનાલય. જે આપણને અશુભ આર્તધ્યાનમાંથી નિવૃત્ત કરી શુભ ધર્મધ્યાનમાં સ્થિર બનાવશે.
સ્વદ્રવ્યથી નિર્મિત

**મા. જયાબાઇ રતિલાલ વાલજી લધા લોડાયા, હ. મધુરીબેન જયંત લોડાયા, સુથરી (મુલુંડ)**

મુખ્ય ઉપાશ્રય
ગુરુ ભક્ત પરિવાર

શ્રી શાલીભદ્ર પેઢી
રૂા. ૧૧ લાખ

લીફ્ટ
રૂા. ૧૧ લાખ

સ્ટોર રૂમ
રૂા. ૫ લાખ

**શ્રી શાલીભદ્ર અક્ષય નિધી (સાધરણ તિથિ)**
**રૂા. ૧૦૮૦૦૦ /-**

**શ્રી શ્રુત નિધી**
**રૂા. ૫૧૦૦૦ /-**

આપ સહુના ઉદાર દિલ સુકૃતોની હાર્દિક અનુમોદના.
આવો જ આત્મિય સહયોગ સદૈવ પ્રાપ્ત થશે એવી અપેક્ષા.
સમયે સમયે આગળના દાતાઓના નામ જાહેર કરવામાં આવશે.


## શ્રી અર્હ ફાઉન્ડેશન
## ટ્રસ્ટીગણ

૧. શ્રીમાન ચેતકભાઈ ઝવેરચંદ લોડાયા – રાયપુર (પ્રમુખ)
૨. શ્રીમાન નયનભાઈ જયંતિલાલ વિકમશી – ઘાટકોપર (ઉપપ્રમુખ)
૩. શ્રીમતી દિપ્તીબેન પ્રફુલ શાહ – ઘાટકોપર (સચિવ)
૪. શ્રી વિપુલભાઈ પ્રદીપ લોડાયા – નાસિક (સહસચિવ)
૫. શ્રી દિનેશભાઈ ભવાનજી ગોસર – હૈદ્રાબાદ (ટ્રસ્ટી)
૬. શ્રી અમરભાઈ પ્રમોદ મોમાયા – ઘાટકોપર (ખજાનચી)
૭. અ.સૌ. ચંદ્રિકાબેન ચેતન લોડાયા – દેવલાલી (ટ્રસ્ટી)


**For Detail Information Contact :**
Diptiben Shah : 9870265466
**ARHAM FOUNDATION TRUST**
BANK - STATE BANK OF INDIA,
A.C. No. 42220446418, IFSC Code : SBIN0001131

તંત્રી સ્થાનેથી

# દેવલાલી

## આધ્યાત્મિકતા, આરોગ્ય અને ઉજ્જવળ ભવિષ્યનું અનોખું કેન્દ્ર

– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150



દેવલાલી આજે માત્ર એક સ્થળ નથી, પરંતુ આપણા સમાજ માટે એક લાગણી, એક ઓળખ અને એક જીવનશૈલી બની ગયું છે. વર્ષોથી આપણા સમાજના અનેક પરિવારો અહીં હવામાન બદલવા, ધાર્મિક પ્રસંગોમાં ભાગ લેવા, માનસિક શાંતિ મેળવવા અને શહેરના તણાવભર્યા જીવનથી દૂર રહી સાધના અને ભક્તિમાં લીન થવા માટે આવતા રહ્યા છે. આશરે ૮૦,૦૦૦ની વસ્તી ધરાવતું દેવલાલી આજે  આધ્યાત્મિકતાના એક વિકસતા કેન્દ્ર તરીકે ઊભર્યું છે.

ભારતના સૌથી જૂના અને વિશાળ તોપખાના તાલીમ કેન્દ્રોમાંનું એક દેવલાલી, તેની સૈનિક પરંપરા અને શિસ્ત માટે પણ ઓળખાય છે. દેવલાલી કેમ્પ વિસ્તારમાં સૈનિકોની વસતિને કારણે શહેરમાં વ્યવસ્થા, સ્વચ્છતા અને સુરક્ષાનો એક અનોખો માહોલ જોવા મળે છે.

આ સાથે, દેવલાલી આરોગ્યપ્રદ નિવાસસ્થાન તરીકે પણ પ્રસિદ્ધ છે. અહીંનું સ્વચ્છ હવામાન, હરિયાળુ અને શાંતિપૂર્ણ વાતાવરણ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે આરામ, આરોગ્ય સુધારણા અને દીર્ઘાયુ જીવન માટે અત્યંત અનુકૂળ છે. આ કારણોસર દેવલાલી હેલ્થ રિટ્રીટ તરીકે પણ જાણીતું બની રહ્યું છે.

કે.વી.ઓ. અને કચ્છી વાગડ સમાજના લોકો ઘણા સમયથી દેવલાલીમાં વસવાટ કરી રહ્યા છે. મુંબઈ અને અન્ય શહેરોમાંથી આવેલા અનેક પરિવારો અહીં સ્થાયી થયા છે અને સમય જતાં એક મજબૂત સામાજિક અને સાંસ્કૃતિક માળખું વિકસાવ્યું છે. આજે દેવલાલી ઘણા માટે મિની કચ્છ તરીકે ઓળખાવા લાગ્યું છે.

તાજેતરના વર્ષોમાં ૭૦થી વધુ ક.દ.ઓ. પરિવારો અહીં કાયમી રીતે સ્થાયી થયા છે, જ્યારે ઘણા લોકો દેવલાલીને સેકન્ડ હોમ તરીકે પસંદ કરી રહ્યા છે. ચંદ્રકાંતભાઈ લોડાયા, નિતિનભાઈ સાયલા જેવા અનુભવી અને સમર્પિત સામાજિક કાર્યકરો અહીં વસવાટ કરીને સમાજને તેમની સેવા આપી રહ્યા છે. મુકેશભાઈ ધરમશીના નેતૃત્વ હેઠળ ક.દ.ઓ. એસોસિએશનની રચનાએ સ્થાનિક સમાજમાં એકતા, સંકલન અને સહકારને વધુ મજબૂત બનાવ્યો છે.

મુંબઈમાં રહેતા લોકો રેલ કે રોડ દ્વારા ૪ કલાકમાં પહોંચી શકે છે. બસ, ટેક્સી પણ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. નહીં તો બે દિવસ કે મહિનાઓ માટે રહેવા માટે ઘણા સેનેટોરિયમ છે. અને જમવા માટે ઘણા જૈન ભોજનાલય છે તેથી રસોઈ બનાવવાની જરૂર નથી. દેવલાલીમાં મિલકતોના ભાવ હજુ પણ મહારાષ્ટ્રના અન્ય ભાગોની તુલનામાં બહુ ઊંચા નથી. અને દેવલાલી કેન્ટોનમેન્ટને મ્યુનિસિપલ કાઉન્સિલમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે તેથી વૃદ્ધિ ઘણી ઝડપી થશે. લાંબા ગાળાના રોકાણો પણ સારા વળતર આપી શકે છે.

આજના સમયમાં દેવલાલી મિલકત રોકાણ માટે એક ઉત્તમ અને સમજદારીભર્યો વિકલ્પ બની રહ્યું છે. ખાસ કરીને કચ્છમાં મિલકત લેવાની યોજના ધરાવતા લોકો માટે દેવલાલી એક વિકલ્પ તરીકે ગંભીરતાથી વિચારવા યોગ્ય સ્થળ છે.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

શિલ્પાબેન અજાણી

ઍડ. કેતન મધુકાંત લોડાયા

કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

ઍડ. શૈલેશ સનત્ શાહ

કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૧૧, તા. ૦૫-૦૪-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ, જખૌ

## અગત્યની જાહેરખબર

અમારા જખૌ ખાતેના મેનેજર શ્રી અશોકભાઈ દામજી મોમાયા, મો.: ૯૯૭૯૩ ૨૬૬૪૦, તા. ૧લી એપ્રિલ ૨૦૨૬થી છુટા થયા છે. કોઈએ પણ શ્રી જખૌ પાંજરાપોર ટ્રસ્ટ સંસ્થાનો કાંઈપણ વ્યવહાર તેમની સાથે કરવો નહીં. પાંજરાપોળના બધા વ્યવહાર, સંપર્ક નીચે મુજબના નંબર ઉપર કરવા.

**જખૌ ઓફિસ ફોન નં. : 97240 49465**

**જખૌ ઓફિસ ઈ-મેઈલ :**

**jptrustoffice@gmail.com.**

**મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર દેવજી ખોના - 93239 17075**

**ટ્રસ્ટી શ્રી કિરીટ ખેતશી શાહ (મુનવર) - 83696 00512**

**સ્થાનિક ટ્રસ્ટી**

**શ્રીમતી અમિતાબેન ટી. મોમાયા - 98191 81790**

**શ્રી ભીખાલાલ ઝ. શાહ (શિયાલ) - 94269 51765**

## દ્વિતીય પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



-:જન્મઃ-
તા.૨૯.૦૬.૧૯૪૯

-:સ્વર્ગવાસઃ-
તા. ૨૨.૦૩.૨૦૨૪

**સ્વ. હિરાચંદ ઘેલાભાઈ ધરમશી** (ઉ.વ. ૭૫)

**(જશાપર, હાલે વડોદરા)**

હૃદય અમારું રડી પડે છે... તસ્વીર જોઈ તમારી
હૈયું માનવા તૈયાર નથી કે હસ્તી નથી આપની
નથી ભૂલાતી વસમી વિદાય તમારી
હરપળ થાય અહેસાસ તમારો
તમારા સાથ વિનાનો વર્તમાન રડાવે છે.

પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અને ઉચ્ચ ગતિ આપે એવી પ્રાર્થના.

: શોકાતુર પરિવાર :

**કુંવરબાઈ ઘેલાભાઈ ધરમશી પરિવાર**-જશાપર (વડોદરા-ગુજરાત)

**લક્ષ્મી માણેકજી દંડ પરિવાર**-લાલા (અમરાવતી-મહારાષ્ટ્ર)



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૬૦)

(ગતાંકથી ચાલુ)



''કચ્છના સંત મેકણ દાદા પોતાની સફર સાથી લાલીયા અને મોતીયા સાથે''

**''લાલિયો મૂંજો લખણવંતો, મોતિયો મૂંજો ભા;**
**મુંછીએં વારા ગોરે વિજાં, જેં જેં પૂછ મથા...''**

હવેના પરિસંવાદનાં વક્તા હતા પ્રો. ડૉ. રમઝાન હસણિયા, જેમની ઉત્તરોત્તર પ્રગતિનો હું સાક્ષી છું. તેમના ઉપર ક્યારેક મારે આખો લેખ લખવો છે... કે ગરીબ કુંભાર કુટુંબમાં જન્મેલ છોકરો મહેનત કરી ક્યાંથી ક્યાં પહોંચી શકે છે. યુ-ટ્યુબ પર આપ ક્લીક કરશો તો જૈન ધર્મ ઉપર પણ સારું વક્તવ્ય આપતા એ મુંબઈમાં પર્યુષણ પર્વ દરમ્યાન જૈન ધર્મ પર યોજાતી વ્યાખ્યાન માળામાં દેખાશે અને સંભળાશે.

કચ્છ સંતસભર પુણ્યભૂમિ છે. કચ્છના કાવડિયા સંત તરીકે ''દાદા મેકણ સુવિખ્યાત છે. તેઓની તપશ્ચર્યા અને અનેક વિધ ઐશ્વર્યોની વાતો આજે પણ લોકોના હૈયામાં ધરબાયેલી છે. મેકણ દાદા માનવ સેવાને પ્રભુ સેવા જ માનતા. કચ્છમાં નાની ખોંભડી ગામે તેમનો જન્મ માતા ફાયાબાઈની કુખે થયો. પિતાનું નામ હળદોરજી, માતાએ પુત્રનું નામ મેકોજી રાખ્યું. મેકોજી લગભગ બાર વરસના થયા ત્યારે પિતાએ તેમને ગાયોને ચરાવવાનું કામ સોંપ્યું. બીજી તરફ પોતાના મકાનને રિપેર કરાવવા માટે જ્યારે મજૂરો દ્વારા ખોદકામ કરાવી રહ્યા હતા ત્યારે જમીનમાંથી વસ્તુઓ ભરેલી પોટલી નીકળી. આ પોટલીમાં તુંબડી, પતર, ચાખડી, પાવડી, ટોપી, ચુંદડીને જોઈ હળદોરજી આશ્ચર્ય પામ્યા. તેમણે આ બધી વસ્તુઓ કોઈ સંતને આપી દેવા વિચાર્યું, પરંતુ જ્યારે મેકોજીએ આ વસ્તુઓ નિહાળી ત્યારે આ વસ્તુઓ પોતાની જ છે એવો દાવો કર્યો. બાળપણથી જ ભજન ભક્તિ કરવાનું તેમનું સવિશેષ અંગ હતું. તેમણે સાંસારિક જીવનનો ત્યાગ કરી કચ્છના માતાના મઢના મહંત કાપડી સાધુ ગંગારામ પાસે દિક્ષા લીધી. ગિરનારની પરિક્રમા સમયે તેમને ગુરૂ દત્તાત્રેયે એક કાવડ આપી. ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી આપતા રહે તેવા આશીર્વાદ આપ્યા. કચ્છ અને વાગડમાં જંગી અને પાવરપટ્ટીના લોડાઈ ગામે પધાર્યા. ત્યારે તેમને સંત નિર્મલગિરિનો ભેટો થયો. પછી ધ્રંગ ગામે પધાર્યા. સંત મેકણ દાદાની જીવનકાર્યની કર્મભૂમિ તે ધ્રંગ. ભુજથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલુ આ ગામ છે. કચ્છના રાજવી મહારાવ દેશળજીએ દાદા મેકણનું ગુરૂપદ સ્વીકારેલું. ''જીનામ-જીનામ''નો આલેખ જગાવનાર કચ્છના કબીરનું ઉપનામ દાદાને મળેલું છે. ધ્રંગની ઉત્તરે અફાટ રણ આવેલું છે. આ રણમાં ભૂલો પડેલો માનવી ભુખ-તરસથી મૃત્યુ ન પામે તે સદ્‌ભાવથી સંત મેકણે મોતિયો નામે કુતરો અને લાલિયો નામે ગધેડો આ બન્નેને સેવાર્થે તૈયાર કર્યા. ગધેડાની પીઠ પર જે છાંટો બાંધતા તેમાં એક તરફ પાણીનું માટલું રહેતું તો બીજી તરફ બાજરાના રોટલા રખાતા. મોતિયો ભૂલા પડેલા વટેમાર્ગુઓને શોધી કાઢતો. આ મારો લાલિયો લખણવંતો છે તો મોતિયો ક્યાં ઓછો છે. આ બન્ને ભિન્ન-ભિન્ન જ્ઞાતિમાં જન્મ્યા છે છતાં પણ બન્ને ભાઈઓ જેવા છે. ક્યારેક મને થાય છે કે મરદ-મુછાળાઓને પણ આ બન્નેના કાર્યો જોતાં એમના મૂછરપથી જાણે ઓળ-ઘોળ કરી મુંકું ! કચ્છના અમર સંતે સવંત ૧૮૮૬ના આસો વદ-૧૪ના દિવસે ધ્રંગ ગામે સમાધિ લઈ જીવનલીલા સંકેલી લીધી. દાદાની સમાધિની સામે જેમણે મુસ્લિમ ધર્મ સ્વીકારેલો તે પીર પતંગશાહનો કૂબો છે. દાદાની સાથે સમાધિ લેનાર સાથીઓમાં આહિરાણી લીરબાઈ, સાધુ સુંદરદાન, જોષી પ્રેમજી મહારાજ, ઠકરાણા પ્રેમાબા એવા ઘણા લોકોએ દાદાની સાથે જીવતે સમાધિ લીધેલી. આવા ભક્તિધામના દર્શને હિન્દુ/મુસ્લિમ સૌ કોઈ આવે છે. મેકણ દાદાની કેટલીક પ્રસિદ્ધ સાખીઓ અર્થ સહિત આવતા અંકમાં... (વધુ આવતા અંકે...)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

## વનિતા વિશ્વ

# રસોડાના છ રસઃ સ્ત્રીઓ માટે કેટલા મહત્વના?

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



કહેવાય છે કે ઘરની સ્ત્રી જો સ્વસ્થ હોય, તો આખું ઘર સ્વસ્થ રહે છે. પરંતુ આજના દોડધામભર્યા સમયમાં, ઘરના દરેક સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખતી સ્ત્રી ઘણીવાર પોતાના આહાર પ્રત્યે બેદરકાર બની જતી હોય છે. સ્ત્રીનું શરીર કુદરતની એક અદ્‌ભૂત રચના છે, જેમાં કિશોરાવસ્થાથી લઈને મેનોપોઝ સુધી અનેક હોર્મોનલ અને શારીરિક પરિવર્તનો આવતા રહે છે. આ પરિવર્તનોને ઝીલવા માટે માત્ર કેલરી ગણીને ખોરાક લેવો પૂરતો નથી, પરંતુ આયુર્વેદમાં જણાવેલા 'ષડ્ રસ' (છ પ્રકારના રસ) નું સંતુલન હોવું અનિવાર્ય છે.

આ ષડ્ રસ નીચે પ્રમાણે છેઃ

૧. મધુર રસ (ગળ્યો – sweet)

૨. આમ્લ રસ (ખાટો – sour)

૩. લવણ રસ( ખારો – salty)

૪. કટુ રસ ( તીખો – pungent)

૫. તિક્ત રસ ( કડવો – bitter)

૬. કષાય રસ ( તૂરો – astringent)

મોટાભાગે આપણે ભોજનમાં માત્ર ગળ્યા, તીખા કે ખારા સ્વાદ પાછળ જ દોડતા હોઈએ છીએ, પણ શું તમે જાણો છો કે કડવો, તૂરો અને ખાટો રસ પણ સ્ત્રીના સ્વાસ્થ્ય માટે તેટલો જ જરૂરી છે? ભારતીય સંસ્કૃતિમાં આહારને માત્ર પેટ ભરવાનું સાધન નહીં, પણ 'ઔષધ' માનવામાં આવ્યું છે. આજે આપણે જાણીશું કે કેવી રીતે ભોજનના આ છ રસો સ્ત્રીઓના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં પ્રાણ ફૂંકી શકે છે અને કેવી રીતે એક સંતુલિત થાળી દ્વારા આપણે હોર્મોન્સની સમસ્યાઓથી મુક્તિ મેળવી શકીએ છીએ.''

**કયો રસ સ્ત્રીઓ માટે શું કામ કરે છે?**

મધુર(ગળ્યો) રસ – શક્તિ માટે : સ્ત્રીઓમાં હોર્મોનલ બેલેન્સ અને પ્રજનન સ્વાસ્થ્ય માટે ઘી, દૂધ અને કુદરતી ગળપણ (ગોળ) અનિવાર્ય છે. તે હાડકાંને મજબૂતી આપે છે.

આમ્લ (ખાટો) અને લવણ (ખારો) રસ – પાચન માટેઃ ભૂખ લગાડવા અને પાચન સુધારવા માટે છાસ કે લીંબુનો ઉપયોગ. પરંતુ વધુ પડતું મીઠું (નમક) શરીરમાં સોજા લાવી શકે છે, તેથી તેનું ધ્યાન રાખવું.

કટુ (તીખો) રસ – ચયાપચય (Metabolism) માટેઃ મેદસ્વીતા (Obesity) અને પીસીઓડી (PCOD) જેવી સમસ્યાઓમાં આદુ, મરી અને તજ જેવા તીખા પદાર્થો મેટાબોલિઝમ વધારે છે.

તિક્ત (કડવો) અને કષાય (તૂરો) રસ – રક્ત શુદ્ધિ માટેઃ ત્વચાની સુંદરતા (acne/ખીલ) અને લોહીની શુદ્ધિ માટે મેથી, હળદર અને લીલા શાકભાજી ખૂબ મહત્વના છે. તે શરીરમાંથી વધારાનું પાણી અને ઝેરી તત્વો દૂર કરે છે.

માસિક ધર્મ દરમિયાન કેવા પ્રકારનો ખોરાક લેવો જોઈએ? (વાયુ ન કરે તેવો અને પૌષ્ટિક આહાર).

ગર્ભાવસ્થામાં છ એ છ રસોનું ખૂબ જ મહત્વ છે. એક સુંદર અને સ્વસ્થ બાળકને જન્મ આપવા માટે છ એ છ રસનું સંતુલન હોવું અનિવાર્ય છે.

સંતુલિત થાળીઃ તમારી દરરોજની થાળીમાં દાળ, ભાત, રોટલી, શાક ઉપરાંત ચટણી (ખાટો-તીખો રસ) અને છાસ અથવા ગોળનો ટુકડો હોવો જોઈએ.

અંતિમ અને ખાસ મહત્વની વાત. રસોઈ બનાવતી વખતે રાખેલા સકારાત્મક વિચારો અન્નની અસર બમણી કરે છે. જ્યારે સ્ત્રીઓ રસોડામાં પ્રવેશ કરે ત્યારે સૌથી પહેલા ALEXA અથવા GOOGLE જેવા Smart device અથવા Mobile પર એક બે સુંદર ભજન/સ્તવન લગાવી દેવાના, મૂડ થોડું Spiritual થઈ જાય. ત્યારબાદ પોતાની પસંદગી મુજબ મસ્ત બોલિવૂડ ગીત, ગઝલ કે જે આપણને ગમતું હોય તે શરૂ કરી દેવાનું. અને એ ભજન / ગીત સાંભળતા સાંભળતા રસોઈ

બનાવવાની. પ્રસન્ન મૂડ સાથે બનાવેલું ભોજન હંમેશા ખૂબ સરસ અને સ્વાદિષ્ટ જ બને. રસોઈ બની જાય એટલે દાળ, શાક ચાખી લેવાના. કંઈ મસાલા નાખતા ભૂલી તો નથી ગયા ને? અને બરોબર બની જાય એટલે ડાઈનિંગ ટેબલ પર મૂકી દેવાનું. મારો મંત્ર છે ''શબરી બનો''. જેમ શબરીએ એક – એક બોર ચાખીને રામને મીઠા બોર ખવડાવ્યા અને રામ એના પર પ્રસન્ન થઇ ગયા તેમ આપણે સરસ રસોઈ બનાવીને પરિવારને પ્રેમ અને આગ્રહથી ખવડાવીએ તો આપણો પરિવાર પણ ખુશખુશાલ રહે.

કેમ બરોબર ને?

**વાચકોના પ્રતિભાવ**

ગયા વખતના અંકમાં પ્રકાશિત થયેલ લેખ''આવું કંઈક કરીએ તો?''ના પ્રતિસાદમાં ઘણાં લોકોએ પોતાના અભિપ્રાય મોકલાવ્યા છે. એમાંથી થોડા નીચે પ્રમાણે છે.

ચેતનભાઈ મોમાયા, ઘાટકોપરથી જણાવે છે કે, માલતીબેન ધરમશીનો ખૂબ ખૂબ આભાર, જેમણે સમાજને નવી દિશા તરફ જવાનું સુંદર અને વિચારવા લાયક સૂચન આપ્યું છે.

આ લેખમાં આજના લગ્ન પ્રસંગોની બદલાતી પરંપરા અને તેમાં ઊભા થતા પ્રશ્નોને ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવ્યા છે. ખરેખર, આજકાલ લગ્ન એક સાદા કુટુંબ પ્રસંગમાંથી મોટી સામાજિક ઈવેન્ટ બની ગયા છે, જ્યાં ક્યારેક મૂળ ભાવના પાછળ રહી જાય છે.

લેખમાં જણાવ્યા મુજબ, આમંત્રણોની વધતી સંખ્યા, ખર્ચમાં વધારો અને દરેકને ખુશ રાખવાની દોડ – આ બધું જ આજના સમયમાં સામાન્ય બની ગયું છે. કોને બોલાવવા અને કોને નહીં? એ પ્રશ્ન દરેક પરિવાર માટે મુશ્કેલીભર્યો બની ગયો છે.

પરંતુ હવે સમય આવી ગયો છે કે આપણે આ વિષય પર ગંભીરતાથી વિચારીએ. લગ્નનો સાચો અર્થ બે પરિવારોનું મિલન અને આશીર્વાદ મેળવવાનો છે. જો આપણે સરળતા, સંયમ અને સમજદારીથી આયોજન કરીએ, તો પ્રસંગ વધુ અર્થપૂર્ણ અને આનંદદાયક બની શકે.

લેખમાં આપેલા સૂચનો – જેમ કે સિનિયર સિટિઝનને મહત્વ આપવું, નજીકના સંબંધોને પ્રાથમિકતા આપવી અને યુવાનોને યોગ્ય રીતે જોડવા – ખૂબ જ પ્રેરણાદાયક છે.

આવો આપણે બધા મળીને આ નવી દિશાને સ્વીકારીએ અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવીએ.

**– ચેતનકુમાર ખીમજી મોમાયા**

મુલુંડથી કલ્પનાબેન ધનપતિ લોડાયા જણાવે છે કે, તમારો વિચાર એકદમ સરસ ને બરાબર છે, પણ કઝીનને આમંત્રણ આપવામાં આવે છે તો જ્યાં સુધી ર જણનો સવાલ હોય ત્યારે દિકરા વહુને મોકલે પણ ખરા, પણ એ લોકો કહેતા હોય તમે જઇ આવો અમે રિસેપ્શનમાં જશું, અને મોટાને પણ લાગે ઠીક છે, પણ ખાલી લગ્નનું આમંત્રણ હોય તો જરૂર નાની છાતને (second generation) હવે આવીને શોભામાં વધારો કરવો જોઈએ તો જ બધા ઓળખે, ને enjoy પણ કરે.

બીજો સવાલ ફેમિલી સાથે સંબંધ સાચવવાનો હોય ત્યારે જરૂર એકાદ બે વર્ષમાં get-together થવું જોઈએ તો નાનાથી મોટાં બધા એકબીજાને ઓળખે ને સંબંધ સાચવવાની પણ જવાબદારી સમજીને આત્મીયતા વધે ને પ્રેમ પણ વધે. આ જવાબદારી હવે યંગ જનરેશનને લેવી જોઈએ, ઘરે જવાનું હવે ઓછું થઈ ગયું છે ત્યારે દિકરા વહુનું group બનાવીને એમણે આવા પ્રોગ્રામ કરવા જોઈએ, ભલે પછી જે પણ ખર્ચ થાય તે બધાએ sole contribution કરી લે તો કોઈને ભારે પણ ન પડે ને ઓછા ખર્ચે પિકનિક થઈ જાય. સિનિયર સિટીઝનને પણ આનંદ આવે કે હાશ! પરિવાર સાથે મેળાવો કરાવ્યો, કેમકે એકલાં તો એ પણ હવે ક્યાં નથી જઈ શકતાં તો જરૂર આવી રીતે એકાદ વર્ષમાં ગેટ ટુગેધર કરજો એવી youngsters ને ભલામણ કરીશું. એનાથી પરિવારમાં પ્રેમ વધશે ને આવતી પેઢીના સંબંધ વધશે ને એકબીજાને મળવાની ઇચ્છા થશે.

**– કલ્પના ધનપતિ લોડાયા-મુલુંડ**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા તેરાવાલા
### દાતાઓ તરફથી એપ્રિલ-૨૫ થી માર્ચ-૨૬ સુધી મળેલ શાળા ફી-પુસ્તક સહાય ભેટ

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | **કાયમી અનામત** | | **૯૦૦૦૦૦** |
| **૧** | **શ્રી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન કાયમી અનામત ફંડ પેટે. જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે** | **૫૦૦૦૦૦** | |
| **૨** | **માતુશ્રી ચંદનબેન જયંતિલાલ નાગડા, હસ્તે શ્રીમતી પલ્લવી પંકજ ખોના કાયમી અનામત ફંડ પેટે. જેનું વાર્ષિક વ્યાજ ફી સહાય અર્થે વાપરવાની શરતે** | **૪૦૦૦૦૦** | |
| **૧** | **કચ્છી દશા ઓસવાલ જૈન પાઠશાળા** | **૧૦૦૦૦૦૦** | **૧૦૦૦૦૦૦** |
| ૨ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ, મ.બંદર | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ |
| | **બાયઠ** | | **૪૦૦૦૦** |
| ૧ | સેરેન્ડિપિટી હોલિડેઝ પ્રા. લી. - ખાર | ૪૦૦૦૦ | |
| | **ભરૂડીયા** | | **૫૧૦૦૦** |
| ૧ | શ્રીમતી મનીષા રાજેશ ધરમશી | ૫૧૦૦૦ | |
| | **ડુમરા** | | **૨૧૦૦૦** |
| ૧ | શ્રી વિમલ પદમકુમાર પોલડીયા | ૨૧૦૦૦ | |
| | **ગોરખડી** | | **૧૯૩૮૮૯** |
| ૧ | કુ. વિધાતાબેન મેઘજીભાઈ ધરમશી | ૧૯૩૮૮૯ | |
| | **જખૌ** | | **૨૭૨૦૦૦** |
| ૧ | શ્રી હેમરાજ લાલજી મહેશ્વરી, હ. શ્રી મિલનભાઈ હેમરાજ મહેશ્વરી-પુના | ૧૫૦૦૦૦ | |
| ૨ | મણીબેન ચીમનલાલ વર્ધમાન, હ. રાજુ વર્ધમાન | ૪૦૦૦૦ | |
| ૩. | શ્રી ભરતભાઈ અને મનીષભાઈ લક્ષ્મીચંદ મહેશ્વરી | ૪૦૦૦૦ | |
| ૪ | ચેતક કેટરર્સ એલએલપી, હ. શ્રી પ્રતાપભાઈ ધુલ્લા | ૩૧૦૦૦ | |
| ૫ | શ્રી રાયચંદ દેવશી જીવાણી | ૧૧૦૦૦ | |
| | **કોઠારા** | | **૩૫૦૦૦૦** |
| ૧ | શ્રી હરીશભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ પાલાણી, કોઠારા તેમજ અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | ૩૦૦૦૦૦ | |
| ૨ | શ્રી ભુપેન્દ્ર માણેકજી ભાટે (લાપસિયા) | ૫૦૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | **લાલા** | | **૧૯૦૦૦૦** |
| ૧ | માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી<br>હ. શ્રી નિલેશકુમાર અને તીલેશકુમાર શાંતિલાલ મૈશેરી-મુલુંડ(દુબઈ) | ૧૦૦૦૦૦ | |
| ૨ | શ્રી નરેન્દ્રભાઈ શાહ, જોગેશ્વરી | ૫૦૦૦૦ | |
| ૩ | શ્રી સંજય ગોવિંદજી લાલકા | ૪૦૦૦૦ | |
| | **મંજલ** | | **૩૫૦૦૦** |
| ૧ | શ્રીમતી નીલંજના સુશીલ શાહ-માટુંગા | ૩૫૦૦૦ | |
| | **મોટી ખાવડી** | | **૧૪૦૦૦૦** |
| ૧ | જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી | ૧૪૦૦૦૦ | |
| | **નલીયા** | | **૧૦૬૦૦૦૦** |
| ૧ | શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ, મસ્જીદબંદર<br>નલીયા તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને શાળા ફી | ૪૫૦૦૦૦ | |
| ૨ | શ્રી દેવશી ભાણજી જેવત ખોના અને માતુશ્રી સુમતીબેન દેવશી ખોના<br>હ. શૈલેશભાઈ ખોના - કોચીન (યુએસએ) | ૨૫૦૦૦૦ | |
| ૩ | શ્રી ભરતભાઈ સી. શાહ | ૨૦૦૦૦૦ | |
| ૪ | એમ્બ્વીગોર ઓર્ગેનિક પ્રાઈવેટ લીમીટેડ હ. શ્રી લલિત નરશી ધરમશી | ૪૦૦૦૦ | |
| ૫ | શ્રી જીતેન્દ્ર ડી.બી. ખોના-કોઈમ્બતુર | ૪૦૦૦૦ | |
| ૬ | માતુશ્રી કમલબેન અભયકુમાર મૈશેરી, હ. શ્રી મયુર અભયકુમાર મૈશેરી | ૨૫૦૦૦ | |
| ૭ | શ્રીમતી સરલાબેન જયચંદ નરશી લોડાયા-નલીયા(ચેંબુર) | ૨૫૦૦૦ | |
| ૮ | માતુશ્રી જયાબેન ભવાનજી ચાંપશી લોડાયા,<br>હ. શ્રીમતી મીનાબેન કમલેશ લોડાયા - માણાવદર | ૧૫૦૦૦ | |
| ૯ | શ્રી નરેન્દ્રભાઈ જે. શાહ-માટુંગા | ૧૫૦૦૦ | |
| | **રંગપુર** | | **૯૬૧૯૦** |
| ૧ | રંગપુર કચ્છી દશા ઓશવાલ દેરાસરજી મહાજનવાડી ટ્રસ્ટ | ૯૬૧૯૦ | |
| | **સાંયરા** | | **૨૦૦૦૦૦** |
| ૧ | સંઘમાતા માતુશ્રી દમયંતી રતનશી લોડાયા-ઉજ્જૈન, હસ્તે શ્રી તરૂણ શાહ | ૨૦૦૦૦૦ | |
| | **સાંધાણ** | | **૫૦૦૦૦** |
| ૧ | માતુશ્રી ખમાબાઈ ડાહ્યાભાઈ ધુલ્લાના આત્મકલ્યાણાર્થે, હ.તેમના પરિવાર તરફથી | ૫૦૦૦૦ | |
| | **સુથરી** | | **૫૫૧૦૦૦** |
| ૧ | માતુશ્રી કસ્તુરીબાઈ વસનજી ધરમશી અને માતુશ્રી રતનબેન નરશી ધરમશી,<br>સુથરી તથા અન્ય ગામના વિદ્યાર્થીઓને ફી સહાય | ૫૫૧૦૦૦ | |
| | **સાંધવ** | | **૧૧૯૮૮૦** |
| ૧ | શ્રી મણીમાણેક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી ચાંપશીભાઈ લોડાયા | ૧૧૯૮૮૦ | |
| | **સુજાપર** | | **૧૨૦૦૦૦** |
| ૧ | શ્રી મનીષભાઈ હીરજી શાહ-લાલકા | ૧૨૦૦૦૦ | |

| | | | |
|---|---|---|---|
| | **તેરા** | | **૫૧૦૦૦** |
| ૧ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ-તેરા | ૫૧૦૦૦ | |
| | **વાંકુ** | | **૧૩૧૦૦૦** |
| ૧ | શ્રી હિનેશ બી. લોડાયા, એચ.યુ.એફ. - મુલુંડ | ૧૦૦૦૦૦ | |
| ૨ | શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ - વાંકુ | ૩૧૦૦૦ | |
| | **વરાડીયા** | | **૩૭૫૦૦૦** |
| ૧ | માઈક્રોફિનીશ વાલ્વ્સ પ્રા. લિ.-હુબલી | ૩૦૦૦૦૦ | |
| ૨ | મેસર્સ ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ, હ. શ્રી. અશોકભાઈ ડાઘા-કોઈમ્બતુર | ૭૫૦૦૦ | |
| | **વારાપધર** | | **૨૦૦૦૦૦** |
| ૧ | શ્રી ભુપેન્દ્રભાઈ મેઘજી ભેદા, હ. હંસા ભુપેન્દ્ર ભેદા | ૨૦૦૦૦૦ | |
| | **જનરલ ફંડ** | | **૫૭૭૦૦૧** |
| ૧ | શ્રી કુલીનકાંત લુઠીયા | ૧૦૦૦૦૦ | |
| ૨ | મેસર્સ કેડેટ્રોનિક્સ | ૧૦૦૦૦૦ | |
| ૩ | શ્રી આશિષ બુદ્ધિધન મોમાયા | ૧૦૦૦૦૦ | |
| ૪ | એક સદ્‌ગૃહસ્થ - બેંગ્લોર | ૯૦૦૦૦ | |
| ૫ | શ્રી કેડીઓ મંડળ-ડોંબિવલી | ૫૧૦૦૦ | |
| ૬ | પૂજ્ય શ્રી જીનેન્દ્ર સૂરી સ્મારક ટ્રસ્ટ | ૫૦૦૦૦ | |
| ૭ | મલાલા ફાઉન્ડેશન | ૧૫૦૦૦ | |
| ૮ | શ્રી પદમભાઈ લાલજી લોડાયા-ડોંબિવલી | ૧૫૦૦૦ | |
| ૯ | જયશ્રી નવીન જૈન, સી.એ. | ૧૧૦૦૦ | |
| ૧૦ | શ્રીમતી પ્રવિણા હર્ષદ શાહ | ૧૦૦૦૦ | |
| ૧૧ | શ્રી હર્ષદ ઝવેરચંદ શાહ | ૧૦૦૦૦ | |
| ૧૨ | શ્રી પ્રકાશ લાલજી મૈશેરી | ૫૦૦૧ | |
| ૧૩ | દીપા મનીષ છેડા | ૫૦૦૦ | |
| ૧૪ | પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન - અમદાવાદ | ૫૦૦૦ | |
| ૧૫ | શ્રી જીતેન્દ્ર ઉમરશી કુરૂવા, હ. ચોલાબેન કુરૂવા | ૫૦૦૦ | |
| ૧૬ | શ્રી ઉમરશીભાઈ જે. કુરૂવા, હ. ચોલાબેન કુરૂવા | ૫૦૦૦ | |
| | **કુલ રૂા.** | **૬૩,૨૩,૯૬૦** | **૬૩,૨૩,૯૬૦** |

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના ૨૬૮ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૭૨,૫૯,૬૪૩/- શાળા ફી સહાય ઉત્કર્ષ ટ્રસ્ટે ચૂકવેલ છે. કોઠારા ગામના ૧૧ વિદ્યાર્થીઓને રૂા. ૧,૨૫,૦૦૦/-ની ફી સહાય કોઠારા મહાજને તેમજ સાંયરા ગામના ૮ વિદ્યાર્થીઓને રૂા. ૧,૯૮,૩૧૮/- ની ફી સહાય સાંયરા મહાજને ચુકવેલ છે.

મહાજનો અને દાતાઓની ભૂરી ભૂરી અનુમોદના. સહૃદય અપીલ કરીએ છીએ કે સંસ્થા તેની શૈક્ષણિક પ્રવૃત્તિ સરળતાથી પૂરી કરી શકે તે હેતુ સાથે આપશ્રી આવી જ રીતે સંસ્થાને ડોનેશન મોકલાવી સહાય કરતા રહેશો.

સંસ્થા પ્રત્યે આજ રીતે સ્નેહ ભરેલું ઝરણું આપ સર્વે તરફથી સતત વહેતું રહે તેવી આજના દિને શુભેચ્છા. આ બદલ આપશ્રી દાતાઓનો ખૂબ ખૂબ આભાર અને ઋણ સ્વીકાર. **લિ. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા અધિકારીઓ**

# શ્રી પરેશ રાયચંદ ધરમશી ( આશાપુરા ઈસ્ટેટ એજન્સી)નું દેવલાલી નગરે નવું સાહસ








સં. ૨૦૮૨ ચૈત્રસુદ એકમ તા.૧૯ મી માર્ચ ૨૦૨૬ ગુરૂવારના રોજ, ગુડીપાડવાના શુભ મુહૂર્તે શ્રી પરેશ રાયચંદ ધરમશીએ તેમના નવા સાહસ –આશાપુરા ઈસ્ટેટ એજન્સીનો ઉદઘાટન સમારોહ આયોજિત કરેલ.

શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી–નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના પ્રમુખ શ્રી મુકેશભાઈ જાદવજી ધરમશીના ધર્મપત્ની સૌ. વિપુલાબેનના કર–કમલોથી રીબીન કાપીને ઉદઘાટનની વિધિવત શરૂઆત કરવામાં આવી. સૌ. લતાબેન મધુકર ધરમશી તથા સૌ. કલ્પનાબેન તિલકચંદ મૈશેરીએ સૌ. વિપુલાબેનને સાથ આપેલ.

શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી – નાસિક રોડ સેવાભાવી સંઘના પ્રમુખ શ્રી મુકેશભાઈ જાદવજી ધરમશી, શ્રી સંઘના પદાધિકારીઓ અને વ્યવસ્થા સમિતીના સભ્યોએ હાજરી આપેલ હતી.

દેવલાલી સ્થિત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘના સભ્યોએ અને અન્ય મહાનુભાવોએ રૂબરૂ હાજર રહી આશિર્વાદ અને શુભેચ્છાઓ આપી હતી.


અન્ય મહાનુભાવોમા સાંસદ (M.P.) શ્રી રાજાભાઉ વાજે, સર્વશ્રી દીનકરજી પાલદે (માજી નગરસેવક), ચંદ્રકાન્તજી ગોડસે (વર્તમાન નગરસેવક), કેશવ સીતારામ પોરજે, સંતકૃપા હોસ્પિટલના ડો. યોગેશજી સોની તેમજ ઈન્ડીયા સિક્યુરિટી પ્રેસના માનદ્ મંત્રી શ્રી જગદીશજી ગોડસેએ  હાજર રહીને શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. મહારાષ્ટ્ર સરકારના આમદાર સૌ. સરોજતાઈ અહિરેએ પોતાનો શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો.

આ પ્રસંગે જૈન અલ્પાહારની સુંદર વ્યવસ્થા શ્રી મુકેશભાઈ ધરમશીએ સંભાળી હતી.



**વડીલોનું વિશ્વ**

# આર્થિક સુરક્ષા અને સાવચેતી- ભાગ - ૧



તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

પૂર આવે તે પહેલા પાળ બાંધો,
દુકાળ પહેલા પાણીની વ્યવસ્થા કરો,
સમય પહેલા જ સાવચેતી શીખો,
પછી પસ્તાશો, એ સારું આજ જ જાગો.

૨૦૫૦ સુધીમાં ભારતની વૃદ્ધ વસ્તી લગભગ ૩૪.૭૦ કરોડ સુધી પહોંચશે. આપણી જ્ઞાતિની વસ્તીમાં આ આંકડા પ્રમાણે કદાચ વધારે હશે.

આ ફક્ત એક સામાજિક પ્રશ્ન નથી.આ આવનારા સમયનો સૌથી મોટો માનવીય અને આર્થિક પડકાર છે.

આજના યુગમાં વડીલો માટે આર્થિક સુરક્ષા કોઈ વૈકલ્પિક વિષય નથી. તે જીવન જીવવાની મૂળભૂત શરત બની ગઈ છે.

દરેકે પોતાના સંજોગો પ્રમાણે જીવનભરની મહેનતથી ઉભી કરેલી સંપત્તિ અને બચત,જો સાવચેતી વગર રહી જાય, તો પળોમાં હાથમાંથી સરકી શકે છે.

સૌ પ્રથમ આ કડવા સત્યની જરૂરિયાત સ્પષ્ટ રીતે સમજી લઈએ.

૧. પૈસાની અછત અથવા પૈસા ન હોવા એ જીવનની સૌથી મોટી લાચાર સ્થિતિ છે. જ્યાં આર્થિક સ્વતંત્રતા ખૂટી જાય છે, ત્યાં નિર્ણય લેવાની શક્તિ પણ ખૂટી જાય છે. અને ત્યાંથી શરૂ થાય છે નિર્ભરતા, સંકોચ અને ક્યારેક અપમાનજનક પરિસ્થિતિઓ.

૨. વધુ પૈસા, વધુ સારા સંબંધો; પૈસા નહીં, તો સંબંધો પણ નથી. આ વાતો કઠોર છે, પરંતુ ઘણીવાર સત્ય સાબિત થાય છે.

એટલે જ જરૂરી છે કે વડીલો પોતાની આર્થિક સ્થિતિ મજબૂત અને સુરક્ષિત રાખે. કોઈના આશ્રય પર નહીં, પરંતુ પોતાની સમજદારી પર.

આર્થિક સ્વતંત્રતા જ સન્માનનો આધાર છે. પૈસાની અછત વ્યક્તિને નિર્ભર બનાવે છે.

જ્યાં આર્થિક સ્વતંત્રતા ખૂટે છે, ત્યાં નિર્ણયક્ષમતા પણ ઘટે છે, અને પરિણામે સંકોચ,નિર્ભરતા અને ક્યારેક અપમાનજનક પરિસ્થિતિઓ સર્જાય છે.

૨. આર્થિક સ્થિતિનો સંબંધો પર પ્રભાવ પડે છે. તેથી જરૂરી છે કે વડીલો પોતાની આર્થિક સ્થિતિ સ્વતંત્ર અને સુરક્ષિત રાખે પોતાની સમજદારીથી.

આ પરિસ્થિતિના મુખ્ય કારણો નીચે મુજબના ગણી શકાય.

૧. પરિવારોની વ્યવસ્થામાં મોટા ફેરફારો થયા છે. બાળકો પોતાના કામ-ધંધા માટે અન્ય શહેરો કે દેશોમાં સ્થાયી થાય છે. પરિણામે, ઘણા વડીલો પોતાના ઘરમાં એકલા રહે છે. દક્ષિણ ભારતના સુશિક્ષિત પરિવારોમાં લગભગ ૨૫% વડીલો એકલા રહે છે.

૨. એક જીવનસાથીના અવસાન અથવા છૂટાછેડા પછી, બીજો વ્યક્તિ ભાવનાત્મક અને આર્થિક રીતે નબળો પડી શકે છે.

૩. ઉંમર સાથે આરોગ્યસંબંધી સમસ્યાઓ વધે છે, અને તબીબી ખર્ચ સતત વધે છે.

૪. જીવનકાળ વધ્યો છે, પરંતુ બચત હંમેશા પૂરતી રહેતી નથી. મોંઘવારી સમય સાથે બચતની કિંમત ઘટાડે છે. સંતાનોના ભણતર મોંઘા થતાં જાય છે.

૫. ઘણા પરિવારોમાં મહિલાઓને આર્થિક વ્યવહારથી દૂર રાખવામાં આવે છે. પરિણામે, મુશ્કેલીના સમયમાં તેઓ વધુ અસુરક્ષિત બની જાય છે. વૃદ્ધાવસ્થામાં અસહાય મહિલાઓ વધુ જોખમમાં હોય છે.

૬. લાગણીઓ, સહકાર અને કુટુંબ મૂલ્યોનું સ્થાન

ધીમે ધીમે સ્વાર્થ અને આર્થિક હિતો લઈ રહ્યા છે.

૭. વડીલોનો પોતાના સંતાનો અને સગાઓ પ્રત્યે વિશ્વાસ સ્વાભાવિક છે. પરંતુ આજના સમયમાં આ વિશ્વાસ મોટું જોખમ બની શકે છે.

૮. દેખાદેખી અને સામાજીક પ્રસંગોમાં હદ બહાર ખર્ચા.

૯. વ્યાજ પર બેફામ ઉધારી લેવાની આદત.

૧૦. સગાવહાલા અને મિત્રો પાસેથી હર વખત મદદ નથી મળતી.

આ વસ્તુસ્થિતીઓને ધ્યાનમાં રાખીએ તો આ વિષયને હળવાશથી લેવાનો નથી. ક્યારે અણધારી મુસીબત આવી પડે એ કહી ન શકાય.

મને કંઈ નહીં થાય એવી માન્યતા સૌથી મોટો ભ્રમ છે. વિશ્વાસ તૂટે ત્યારે, માત્ર સંબંધો જ નહીં, સંપત્તિ પણ ખોવાઈ શકે છે. આ આજની વાસ્તવિકતા છે.

**જાગૃતિ જ સુરક્ષા**

આ લેખ ડરાવવા માટે નથી,પરંતુ જાગૃત કરવા માટે છે. તમારી સંપત્તિ, તમારી જવાબદારી. સાવચેતી, તમારી સૌથી મોટી સુરક્ષા.

જીવનભર જે કમાવ્યું છે, તેને સાચવવું એટલું જ જરૂરી છે. સાવચેત રહેશો, સુરક્ષિત રોકાણ કરશો તો સ્વાભિમાન સાથે જીવી શકશો; નહીં તો પરિસ્થિતિઓ શીખવશે પણ કદાચ બહુ મોડું થઈ જશે.

(ક્રમશ)


**સેલ! સેલ! સેલ!**

**૧૧ એપ્રિલ થી ૧૯ એપ્રિલ**

બટકસબ, પીટા, કસબ, મોચી, પારસી, કચ્છી ભરતની સાડી અને ચણીયાચોળીઓનું સેલ. જુની સાડીઓ ઑલ્ટર કરી આપશું. સાચી જરીનો અને ઘરચોળાનો માલ વેંચી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી.

**સોનલ આર્ટ(થાણા)**

**શાંતિભાઈ : 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪


## સમર કેમ્પ ૨૦૨૬

### વિદ્યાર્થીઓ માટે એક અનોખો અનુભવ

ધોરણ VI, VII અને VIIIમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે ૩ દિવસના વિશેષ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે VLVG BAK કેમ્પસ, ઘાટકોપર (પશ્ચિમ) ખાતે યોજાશે.

**કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશો**

આ કેમ્પનો હેતુ વિદ્યાર્થીઓમાં નીચેના ગુણો વિકસાવવાનો છે.

સાંગોપાંગ વિચારશક્તિ

(Conceptual Thinking)

સંદર્ભ આધારિત અભ્યાસ

(Contextual Learning)

આત્મજાગૃતિ અને વ્યક્તિત્વ વિકાસ

(Self-Awareness Growth)

બધા સત્રો મજેદાર, ઇન્ટરએક્ટિવ અને પ્રવૃત્તિ આધારિત રહેશે, જેથી વિદ્યાર્થીઓ આનંદ સાથે શીખી શકે.

**તારીખોઃ ૮, ૯ અને ૧૦ મે ૨૦૨૬**

**સ્થળઃ VLVG BAK કેમ્પસ, ઘાટકોપર (પશ્ચિમ)**

સુવિધાઓઃ રહેઠાણની સુવિધા, પૌષ્ટિક ભોજન (બન્ને કેમ્પસમાં ઉપલબ્ધ રહેશે)

નોંધણી માટે નીચેની લિંકનો ઉપયોગ કરો

**https://forms.gle/Vnuz4KqgU5BZ7bvk8**

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ

**શ્રીમતી સોનલ શાહ – 99679 14567**

તમારા બાળકને આનંદમય વાતાવરણમાં શીખવા, શોધવા અને વિકાસ કરવાનો સુંદર મોકો આપો.


**ડૉ. વીરચંદ નાગડાની Youtube channel**

**https://youtu.be/8RN4R_7qDXY?si=XPqUGgur8-WVhZ4I**

# રાજેન્દ્ર કાંતિલાલ શાહ-મોતા

## *ટિકી ટાર, સદાબહાર*

ભાઈઓ સંગે પિતાના વિઝનને આગળ વધારનારા રાજેન્દ્રભાઈને ધર્મ અને સેવા પ્રત્યે અનુરાગ છે. પરિવાર માટે ખાસ લાગણીઓ છે. ટિકી ટારની બંધુત્રિપુટીમાંના એક રાજેન્દ્રભાઈના મતે ધર્મ ટકશે તો આપણે ટકશું



## વ્યક્તિત્વ

જીવનમાં ઊંચી ઉડાન ભરવાનું નક્કી કરો તો ઈશ્વર સાથ આપે. નિયતિ પણ કૃપા વરસાવ્યા વિના રહેતી નથી. એના સાથથી, અથાક મહેનત, આત્મવિશ્વાસ અને નીતિના સંગમથી મળે અસાધારણ પરિણામ. આવું પરિણામ મેળવનારા કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના સ્વજન છે ઉદ્યોગપતિ રાજેન્દ્ર કાન્તિલાલ શાહ-મોતા. પોતાની સિદ્ધિઓનો જશ તેઓ પરિવાર અને ભાઈઓના સાથને આપે છે. ટિકી ટાર ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર રાજેન્દ્રભાઈને મૂલવીએ તો તેઓ એકદમ સાલસ સ્વભાવના છે. આ મુલાકાતમાં એમનું મળતાવડું વ્યક્તિત્વ, એમનો જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ તાદ્દશ થાય છે.

રાજેન્દ્રભાઈનો જન્મ ૧૯૬૦માં થયો. પરિવારમાં માતાપિતા કાન્તિભાઈ અને રતનબહેન, અને ત્રણ દીકરા. સૌથી મોટો રાજેશ, વચલો રાજેન્દ્ર અને સૌથી નાનો હીરેન્દ્ર. રાજેનદ્રભાઈએ અભ્યાસ કર્યો બી. કોમ. સુધી. દેશ-દુનિયામાં કન્સ્ટ્રક્શન સોલ્યુશન્સમાં માનવંતું સ્થાન ધરાવતા ટિકી ટાર ગ્રુપની શરૂઆત સન ૧૯૬૪માં રાજેન્દ્રભાઈના પિતાએ એક કંપની તરીકે કરી હતી. રાજેન્દ્રભાઈ કહે છે, ''પપ્પાને પહેલાં પાઇલટ બનવું હતું. લાઇસન્સ પણ મળી ગયું હતું. અમુક કલાકોની ઉડાન પછી તેઓ કમર્શિયલ પાઇલટ બની જવાના હતા. ત્યાં નસીબે પલટો માર્યો અને તેમણે વેપાર કરવાનું વિચાર્યું. એમ શરૂ થઈ ટિકી ટાર.

જોકે શરૂઆત પરીક્ષાજનક હતી. મુશ્કેલીઓ પણ ઘણી હતી. છતાં, કાન્તિભાઈએ પીછેહઠ કરી નહીં. ખંતપૂર્વક આગળ વધતા રહ્યા. સમય સાથે વેપાર પાટે ચડ્યો અને બધું થાળે પડતું ગયું. રાજેન્દ્રભાઈ સસ્મિત કહે છે, ''અમારા પરિવારને પપ્પાના વિઝન પર ગર્વ છે. આપણા જ્ઞાતિજનો જ્યારે કપાસ અને ટ્રાન્સપોર્ટના બિઝનેસમાં હતા ત્યારે એમણે કંઈક અલગ વિચાર્યું હતું. પાઇલટ બનવા વિશે પણ, અને પછી, સાવ નવી લાઇન એટલે બિટુમન એટલે ડામરના વેપાર વિશે. એ સમયે રસ્તા પર પાથરવા માટેના ડામરના વેપારમાં દેશના બહુ ઓછા લોકો હતા.'' કાન્તિભાઈનું એ પગલું, એમની સાહસિકતા એમના માટે અને પછી, દીકરાઓ માટે વરદાન સાબિત થયું.

સાઠનો દાયકો દેશ માટે બહુ પોરસાવા જેવો નહોતો. વેપારમાં કાયદાકીય અડચણોનો પાર નહોતો. વળી કાન્તિભાઈએ ડામરના વેપારમાં ઝંપલાવ્યું હતું. કાન્તિભાઈએ કુનેહ કામે લગાડતાં ક્ષેત્રમાં સ્થાન જમાવવા જીવ પણ રેડી દીધો. સમય સાથે દીકરાઓનો અભ્યાસ પતતા એમનો પણ સાથ મળ્યો. પિતાના માર્ગદર્શનમાં દીકરાઓએ વેપારની બારીકીઓ આત્મસાત્ કરવા માંડી. એનાં સુફળ ધીમેધીમે મળવા માંડ્યાં, ''કંપનીની રજતજયંતી આવી ત્યાં સુધીમાં ટિકી ટાર ખાસ્સી વિકસી ચૂકી હતી. પપ્પાના વિઝનને લીધે અમે બરોડા પાસે હાલોલમાં જગ્યા લઈને મેન્યુફેક્ચરિંગનો મોટો પ્લાન્ટ નાખ્યો.'' ત્યારે નક્કી થયું કે રાજેશભાઈ અને હીરેન્દ્રભાઈ ફેક્ટરીનું સંચાલન સંભાળે અને રાજેન્દ્રભાઈ પિતા સાથે મુંબઈ ઓફિસ સંભાળે.

પિતાનું વિઝન પહેલેથી વિશાળ હતું. તેઓ સ્પષ્ટ હતા કે ટિકી ટારની ફેક્ટરીઓ અનેક જગ્યાએ હોય. રાજેશભાઈએ પિતાના પગલે ચાલીને વિઝન સેવ્યું કે કંપનીની એકથી વધુ ફેક્ટરી હોય અને એ રિફાઇનરી પાસે હોય. પ્રગતિના પંથે એકાદ દાયકો પસાર થયો. બધું સારું થઈ રહ્યું હતું એમાં મોતા પરિવાર માટે આઘાતજનક ઘડી આવી. ૧૯૯૭માં કાન્તિભાઈને એક ક્લાયન્ટની ઓફિસમાં હાર્ટ એટેક આવતાં તેઓ ફાની દુનિયા છોડીને જતા રહ્યા. એ સાથે દીકરાઓ પર જવાબદારી આવી પિતાના સપનાને આગળ વધારવાની.

ફાસ્ટ ફોરવર્ડ કરીને ૨૦૨૪માં આવીએ. આજે એ વાતને ૨૭ વરસ થયાં. આ સમયગાળામાં પિતાની તાલીમ અને પોતાના વિઝનથી દીકરાઓએ ટિકી ટારને નવાં સીમાચિહ્નો સ્થાપતું ગ્રુપ બનાવ્યું છે. આજે ટિકી ટારની ફેક્ટરીઓ દસ જગ્યાઓએ છે. વેપારમાં ડાઇવર્સિફિકેશન અર્થાત્ વિસ્તરણ પણ

ઘણું થયું છે. વેપારની આંતરિક ગોઠવણોમાં પણ સારા એવા ફેરફાર થયા છે. રાજેન્દ્રભાઈ કહે છે, ‘‘અમારા મુખ્ય ઉત્પાદન ડામરનો ઉપયોગ મુખ્યત્વે રસ્તા બનાવવા માટે થાય છે. પ્રારંભિક વરસો, અને નેવુના દાયકાના પૂર્વાર્ધ સુધી, દેશમાં રસ્તા બનાવાનું કામ મોટાભાગે સરકાર હસ્તક હતું. ક્યાંક મહાપાલિકા, ક્યાંક નગરપાલિકા તો ક્યાંક પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ એટલે પીડબલ્યુડી રસ્તા બનાવે. એટલે, અમે ઉત્પાદિત કરેલો ડામર એમને સપ્લાય કરવામાં આવતો. પાછલાં થોડાં વરસોમાં રસ્તા બનાવવાનું કામ શિફ્ટ થયું ખાનગી કોન્ટ્રાક્ટર્સને. હવે અમારો ડામર ખાનગી કંપનીઓને વધુ જાય છે.’’

હવે ટિકી ટારમાં પરિવારની ત્રીજી પેઢી પણ જોડાઈ છે. રાજેશભાઈનો દીકરો પ્રતીક, રાજેન્દ્રભાઈના દીકરા-દીકરી હાર્દિક અને શ્રુતિ અને હીરેન્દ્રભાઈનો દીકરો નિરવ હવે વેપારમાં છે. ‘‘યંગ બ્લડને કારણે ટિકી ટારને નવી પાંખો મળી છે. ત્રીજી પેઢીએ કંપનીને નવા વિચારો થકી અલગ આયામ આપ્યો છે.’’

ટિકી ટાર અસ્તિત્વની હીરકજયંતી ઉજવી રહી છે. એ પહેલાં નવી પેઢીએ કંપનીને આંતરરાષ્ટ્રીય વ્યાપ આપવાનું કાર્ય આદરી દીધું હતું. રાજેન્દ્રભાઈ કહે છે, ‘‘અમારું પ્લેગ્રાઉન્ડ ઇન્ડિયા હતું. હવે નવી પેઢી થકી વિશ્વ આખું થયું છે. અમે ડામર સિવાયનાં ઉત્પાદનોમાં પણ પ્રવેશ કર્યો છે. નેધરલેન્ડ્સની શેલ કંપની ઉપરાંત એક સ્પેનિશ કંપની સાથે જોડાણ કર્યું છે. અમે હવે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સમાં પણ એક અગ્રણી ઉત્પાદક છીએ.’’

નવી પેઢીને લીધે કંપનીનાં ઉત્પાદનો અનેક પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સમાં ગયાં છે. એમાં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં નિર્મિત ગંગા સેતુ, અયોધ્યાનું રામ મંદિર, ગુજરાતનું સરદાર પટેલનું સ્ટેચ્યુ ઓફ યુનિટી, મુંબઈનો અટલ સેતુ, મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે, ગંગા એક્સપ્રેસવે... અનેક નામ છે. આ બાબત મોતા પરિવાર અને સમગ્ર જ્ઞાતિ માટે ગર્વ લેવા જેવી છે.

ટિકી ટારની સફળતાગાથા આટલેથી અટકતી નથી. કંપની હજી ઘણાં સીમાચિહ્નો સ્થાપવા સુસજ્જ છે, કૃતનિશ્ચય છે. રાજેન્દ્રભાઈ કહે છે, ‘‘અમે હજી ઘણું કરવાને તત્પર છીએ. અમને ખાતરી છે કે પિતાના સિદ્ધાંતો, અમારા સૌની મહેનત અને નવી પેઢીની કાર્યપદ્ધતિથી ટિકી ટાર જ્ઞાતિ અને દેશના ગૌરવમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતી રહેશે.’’

## વિચારસત્ત્વ

આપણી જ્ઞાતિ વિશે તેઓ ગૌરવ અનુભવે છે, ‘‘આપણો સમાજ સંખ્યામાં નાનો ખરો પણ સિદ્ધિઓમાં, જીવનની શ્રીમંતાઈમાં આપણે બીજા ઘણા સમાજ કરતાં આગળ છીએ. વેપારમાં આપણે સારી પ્રગિત કરી છે. આપણા અનેક મધ્યમવર્ગીય પરિવારો નોકરિયાત પણ છે. નોકરિયાત તરીકે આપણી જ્ઞાતિના લોકો બહુ વિશ્વાસપાત્ર છે. આપણો સમાજ પરગજુપણા અને શિક્ષણના મહત્ત્વને સમજે છે. તેથી જ દાયકાઓથી આપણે જ્ઞાતિનાં બાળકોને સારામાં સારું શિક્ષણ મળે એ માટે પરસ્પર મદદરૂપ થતા રહ્યા છીએ. એ માટે આપણું મહાજન, આપણાં ટ્રસ્ટ સતત કાર્યરત રહે છે.’’

સફળ થવા ઇચ્છતા લોકો માટે તેમની પાસે સરસ સૂચન છે, ‘‘સફળતા માટે પહેલી શરત છે કે જે નિર્ણય લો, જે વાત પર ધ્યાન, શક્તિ કેન્દ્રિત કરવાનું ઠરાવો એના પર પૂરેપૂરા ટકી રહેવું. વારંવાર વિચાર બદલાય તો લાભને બદલે સંઘર્ષ હાથ લાગી શકે છે. વાત અભ્યાસની હોય, ધર્મની હોય, વેપારની કે સંબંધની હોય, જ્યારે જેના પર ફોકસ કરવાનું હોય એનાથી ક્યારેય ચલિત થવું નહીં. બસ. આટલું કરવાથી રસ્તા આપોઆપ ખુલતા જશે. સ્વયં સૃષ્ટિ રસ્તા ખોલી આપશે.’’

જીવનમાં આવક અને આર્થિક મોભો સર્વસ્વ નથી. રાજેન્દ્રભાઈના મતે, ‘‘બે પાંદડે થવા માટે મહેનત કરવી સારી વાત છે. બે પાંદડે થયા પછી સમાજ માટે કામ કરવું એ નૈતિક ફરજ છે. આપણે કોઈકને કામ આવ્યા તો જીવન સાર્થક થયું લાગે. એવી જ રીતે, ધર્મક્ષેત્રે પણ લક્ષ્ય આપવું જોઈએ અને ધર્મ કાજે પણ તનમતનધનથી યોગદાન આપવું જોઈએ. અન્યથા, ભવિષ્યમાં ધર્મ ટકશે નહીં. આપણને આપણો ધર્મ

એકમેક સાથે બાંધી રાખે છે અને આદર્શ જીવન વ્યતીત કરવાનો રસ્તો ચીંધે છે. એટલે જ ધર્મની ઉપેક્ષા ક્યારેય કરવી નહીં.''

નવી પેઢીને પણ તેઓ એક અકસીર સૂચન કરે છે, ''યુવાનોએ સમાજમાં રસ લેવો જોઈએ. માત્ર કાકા-મામા સુધીનાં ઘર નહીં, એની આગળના સમાજમાં પણ રહેવું જોઈએ. માન્ય છે કે તેમને મિત્ર તમારા પરિવાર જેવા લાગે પણ તમારો પરિવાર એનાથી ઘણો વિસ્તૃત છે. યુવાનોએ ધ્યાનમાં રાખવું કે જ્યારે એમને ખરી જરૂર પડશે ત્યારે એમની પડખે સમાજ અચૂક ઊભો રહેશે.''

નિષ્ઠાવાન અને પ્રગતિશાળી ઉદ્યોગપતિ તરીકે રાજેન્દ્રભાઈ અનેક લોકો પાસેથી સારું શીખતા રહે છે. આપણી જ જ્ઞાતિના ઉદ્યોગપતિ ચાંપશીભાઈ એમ. શાહના જીવનથી તેઓ ખૂબ પ્રભાવિત છે. ચાંપશીભાઈ લોખંડવાલા તરીકે પ્રસિદ્ધ છે. નાશિકમાં એમનું મોટું સામ્રાજ્ય છે. રાજેન્દ્રભાઈ કહે છે, ''મેં ઘણા મોટા ઉદ્યોગપતિઓ જોયા છે. પણ ચાંપશીભાઈને હું નિકટથી ઓળખી શક્યો છું. ઓછું ભણેલી વ્યક્તિ પણ ધારે તો કંઈ ઊંચાઈઓ સર કરી શકે એનું તેઓ ઝળહળતું દ્રષ્ટાંત છે. આપણા સૌ માટે એમની પ્રગતિ ગર્વ લેવા જેવી વાત છે. એમની વેપાર કરવાની પદ્ધતિ, જીવન જીવવાની રીત અને એમનો સ્વભાવ મને પ્રભાવિત કરે છે. તેઓ મારા હિતેચ્છુ છે. અમસ્તી ચર્ચાઓમાંથી પણ મને એમની પાસેથી ઘણું શીખવા મળે છે.''

## સેવાવિશ્વ

રાજેન્દ્રભાઈ સમાજમાં ખૂબ આગળ પડતી સક્રિયતા ધરાવતા નથી. એનો એવો પણ મતલબ નથી જ કે તેઓ સુષુપ્ત છે અને સમાજ માટે કાંઈ કરતા નથી. જ્ઞાતિનાં ફંક્શન્સમાં તેઓની મૂક હાજરી હોય છે. ક્યાંક વળી આમંત્રિત તરીકે પણ તેઓને બોલાવવામાં આવે છે. સમાજની જ્યારે પણ આર્થિક યોગદાનની હાકલ પડે ત્યારે ટિકી ટાર એમાં ફાળો નોંધાવે છે. રાજેન્દ્રભાઈના શબ્દોમાં કહીએ તો, ''મને એ લોકો માટે માન છે જેઓ કામકાજ સાથે સમાજ માટે સમય પણ ફાળવે છે. હું એવું નથી કરી શકતો પણ બીજી બધી રીતે સમાજની પડખે ઊભા રહેવાનો મારો સંનિષ્ઠ પ્રયત્ન રહે છે.''

તેઓ સમાજ બહારની વ્યક્તિઓને પણ અવારનવાર મદદ કરતા રહે છે. એ વિશે તેઓ કહે છે, ''અમે વ્યક્તિગત ધોરણે સહાય કરતા રહીએ છીએ. એની વિગતો આપવાનું મને નહીં ગમે. આપણા લીધે કોઈની તકલીફ દૂર થઈ કે કોઈ સુખી થયું તો એ તો ભગવાને આપણને એ માટે નીમ્યા તેથી થયું. એવો અવસર મળવા માટે હું અને મારો પરિવાર તો ભગવાનનો આભાર માનતા રહીએ છીએ, બસ.'' આ છે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

''આપણે જ્યાં પહોંચી શકતા નથી ત્યાં આપણને પ્રકાશ સમીક્ષા લઈ જાય છે. ઘેરબેઠા આપણા ફોનથી પણ આપણે પ્રકાશ સમીક્ષાના માધ્યમથી દેશ અને દુનિયામાં વસતા જ્ઞાતિજનો કેટલા આગળ વધી રહ્યા છે એના સમાચાર વાંચી શકીએ છીએ. આપણે સૌથી કનેક્ટ થઈ શકીએ છીએ. પ્રકાશ સમીક્ષા આપણને એક રાખવાનું કામ કરે છે. એ બહુ મોટી સેવા છે જેનું ઋણ આપણે કોઈ ચૂકવી શકીએ નહીં.''

એક સદી સુધી અણનમ રહેનાર આપણા આ પ્રકાશનનું ભવિષ્ય પણ સોનેરી આભા ધરાવનારું છે, ''હવે પ્રકાશ સમીક્ષામાં ઇંગ્લિશમાં પણ માહિતી પીરસાય છે. એના લીધે નવી પેઢી પણ એની સાથે જોડાઈ ગઈ છે. હાલના તંત્રી હીરાચંદભાઈ સહિત આ તમામ ભૂતપૂર્વ તંત્રીઓએ પ્રકાશ સમીક્ષા સ્વરૂપે આપણી જે સેવા કરી છે અને કરી રહ્યા છે એ માટે હું દિલથી ધન્યવાદ આપું છું. આપણી જ્ઞાતિને એકતાંતણે બાધી રાખતા પ્રકાશ સમીક્ષા માટે હું કહીશ, જીવેત શરદઃ શતમ્.''

**દિપ શીખા**

**સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર,**
**બાદબાકી બુરાઈની, ભ્રમનો ભાગાકાર.**

સ્મૃતિ વિશેષ

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરૂણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો - ૧૧



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

મુંબઈના ઈતિહાસનો ગોજારો દિવસ. ૮૨ વરસ પહેલાના એ દિવસની આગને જોનારા સાક્ષી હવે બહુ ઓછા બચ્યા હશે. નવી પેઢી આ હોનારતની કલ્પના પણ ન કરી શકે. મુંબઈમાં એ સમયના રૂપિયા ૧૦૦ કરોડનું અધધધ નૂકશાન જેનું આજની તારીખે મુલ્ય રૂા. ૧૫,૦૦૦ કરોડ ગણાય. આ ઘટનાએ અનેક સમુદાયોની લોકકથાઓ અને વાર્તાઓમાં સ્થાન મેળવ્યું. આજે પણ ઘણાં કુટુંબો આ દુર્ઘટનાને પોતાના પૂર્વજોના અનુભવ તરીકે યાદ કરે છે. આ બનાવના સાક્ષી કે એમના વડીલો પાસેથી સાંભળેલી વાતો થોડા ભાઈ બહેનોએ મોકલી છે તે આપણે જોઈએ.

**સરલાબેન જયચંદ લોડાયા, ચેમ્બુરની સ્મૃતિ :**

અમે છિન્નભિન્ન અને ખોવાઈ ગયેલા લાગ્યાં

બીયાસી વર્ષ વીતી ગયાં, પરંતુ કેટલીક ઘટનાઓ સમયની ધારને ક્યારેય ધુંધળી થવા દેતી નથી. શ્રીમતી સરલાબેન જયચંદ લોડાયા માટે ૧૯૪૪ની એ બપોર આજે પણ એટલી જ જીવંત છે, જેટલી એ છ વર્ષની બાળકી માટે હતી. એ કહે છે- સમય બધું ભૂલાવી દે છે એવું લોકો કહે છે, પણ જે ક્ષણોમાં આખી દુનિયા તૂટી પડે, એ મનમાં કોતરાઈ જાય છે.

મસ્જિદ બંદર ખાતે નરશી કેશવજીનો માળો નામની ઈમારતમાં કચ્છી કુટુંબોનું શાંત જીવન ચાલતું હતું. બપોરનો સમય હતો. પુરુષો રોજગાર માટે બહાર ગયા હતા, બાળકો શાળામાં હતા. ઘરમાં વડીલો, ગૃહિણીઓ અને નાનાં બાળકો જ હતા-અને કદાચ એ જ સૌથી મોટી વિટંબણા બની.

સરલાબેન યાદ કરે છે કે સાંધાણ તીર્થ સ્થાપક અને શેઠશ્રી નરસી નાથાના ભાણેજ માડણ તેજસી ધુલ્લા પરિવારની હું દીકરી. મારા પિતા મણિલાલ ખીમજી જેઠાભાઈ માડણ ધુલ્લાનો ગોડાઉન ભાડે આપવાનો વ્યવસાય. ધડાકાના દિવસે તેઓ ખાનદેશ તરફ વસૂલી માટે ગયા હતા. મારી માતા પૂરબાઈની વય એ વખતે સત્તાવીસ વર્ષની હતી. તેણી સાંજની ચા બનાવવાની તૈયારીમાં હતી અને નાની વયની હું ઘરની ચાલીના ખુલ્લાં દરવાજા સામેના ઓટલામાં રમતી હતી અને એ જ પળે, જાણે આખું આકાશ ફાટી પડ્યું.

આગ લાગી! આગ લાગી!-ચારે તરફથી ચીસો સંભળાવા લાગી. સરલાબેન કહે છે, અમારી ટેરેસ પર જહાજમાંથી ઉડીને આવતો સળગતો સામાન વરસવા લાગ્યો. ધુમાડાએ બધું ઢાંકી દીધું. રેલવે પાટાની સામેની બિલ્ડિંગના પાડોશીઓ ચીસો પાડી રહ્યાં હતાં-'દોડો, ભાગો!'

ઘરમાં લોકરમાં ફઈના આવનારા લગ્નના દાગીના હતાં. બપોરે મહેતાજીએ આપેલી રોકડ રકમ પણ કબાટમાં મૂકી હતી. પરંતુ આ બધું બચાવવાનો સમય જ નહોતો. તાપ એટલો હતો કે લોકર જ પીગળી ગયું. બધા રૂપિયા રાખ થઈ ગયા, એમની મમ્મી પછી કહેતી એ ક્ષણે કોઈ દાગીનાં નહીં, કોઈ નાણા નહીં-માત્ર જીવ બચાવવો હતો. માતાએ કહ્યું- ચાલ,ભાગીએ. સીડીઓ ઉતરતાં પગમાં ચપ્પલ નહોતી, હાથમાં કંઈ નહોતું. એક ક્ષણમાં ઘર, સુરક્ષા, ઓળખ-બધું પાછળ રહી ગયું. પિતાજીને સમાચાર રેલ્વે ટિકિટની બારી પાસે મળ્યા. ઝટકો એટલો ભારે હતો કે તેઓ સહન ન કરી શક્યા. ગોડાઉન પણ બચ્યું નહોતું. આર્થિક આધાર તૂટી ગયો.

સરલાબેન કહે છે, અમે ક્યાંય સ્થિર રહી શક્યાં નહીં. ક્યારેક અહીં, ક્યારેક ત્યાં-જીવન જાણે ખસતું રહેતું. એવા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

સમયમાં લીલબાઈ જેવા શુભચિંતકો આશાની દીવડી બનીને આવ્યા. લખમીચંદ કુંવરજી એન્ડ કું., તાલપત્રીવાલાની પત્ની લીલબાઈએ અમને કરી રોડ પરનાં સંબંધીઓના એક ખાલી રૂમમાં આશ્રય આપ્યો. એ રૂમ માત્ર ચાર દિવાલો નહોતું-એ જીવનને ફરીથી ઊભું રહેવાની જગ્યા હતી. સમાજ તરફથી કોઈ સહાય ન મળી. રહેઠાણની મોટી સમસ્યા હતી. સાથે મોંઘવારી, આવકનું સાધન નહીં. મુંબઇમાં ટકી રહેવું મુશ્કેલ હતું. જ્યાં સુધી અમને વૈકલ્પિક રહેવાની વ્યવસ્થા ન મળી ત્યાં સુધી ઘણી જગ્યામાં ભટકતા રહ્યા. વધતી મોંઘવારી, ધંધો નષ્ટ થતાં કમાણીનું સાધન નહીં અને કંટાળીને અમને નાનાણે કચ્છમાં જવું પડ્યું. બે વર્ષ સુધી આઘાત અને અસુરક્ષા તથા બીમારીએ મારા પિતાજીને અંદરથી ખુવાર કરી નાખ્યા. કમાવવા માટે ફરી મુંબઈ જવાની પિતાજીએ તૈયારી કરી પણ કમનસીબે વળતે દિવસે જ હૃદયનો હુમલો આવ્યો માત્ર બત્રીસ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. અમારા ઉપર આભ તૂટી પડ્યું. મારા કાકા ડાહ્યાભાઈનો ખૂબ સાથ રહ્યો. અમારો મોટો પરિવાર ફરી મુંબઇમાં સેટ થયો.

અમારું ભવિષ્ય એક મોટો સવાલ હતો, સરલાબેન શાંતિથી કહે છે, અમે છિન્નભિન્ન અને ખોવાઈ ગયેલા લાગ્યાં પરંતુ એ દિવસોમાં મેં શીખ્યું-જીવન બહુ ઓછી વસ્તુઓથી પણ ચાલે છે. બધું છીનવાઈ જાય, છતાં જીવતા રહેવું પણ એક શીખ છે.

**શ્રી પૃથ્વીરાજ નારાણજી શામજી મોમાયા, માટુંગા**

ધડાકાને યાદ કરતાં શ્રી પૃથ્વીરાજ નારાણજી શામજી મોમાયાએ એમના પિતાજી પાસેથી સાંભળેલી વાત મોકલી છે. તારીખ ૧૪.૪.૧૯૪૪ના ગોદીનો ધડાકો થયો ત્યારે અમો મસ્જિબંદર, દામજી મેઘજીના માળામાં ચોથે માળે રહેતા હતા. મારો જન્મ પણ નહોતો થયો. પરમ પૂજ્ય આચાર્ય શ્રી ધર્મસુરીશ્વરજી મહારાજ સાહેબ માટુંગામાં બિરાજમાન હતા. મારા પૂજ્ય પિતાશ્રી નારાણજી શામજી મોમાયાના તેઓ ગુરુ હતા. ઘણી વખત તેઓ (મ.સા.) કહેતા કે મુંબઈ પર મોટી આફત આવવાની છે માટે સાવચેત રહેજો.

જે દિવસે ધડાકો થયો તેની બપોરે મારા પિતાશ્રી ગુરુને મળવા માટુંગા ગયા હતા. બપોરના ૩:૩૦ વાગે એમની સાથે વાતો કરતા હતા ત્યાં જ મોટો ધડાકો સંભળાયો અને આગની જ્વાળા દૂર સુધી દેખાતી હતી. તપાસ કરતા ખબર પડી કે ગોદીમાં મોટો ધડાકો થયો છે. બંદરના ઘણા મકાનો પડી ગયા છે. બંદર જવા કોઈ વાહન મળે નહીં, ઘણી તપાસ કરી પછી એક ઘોડાગાડીવાળો તૈયાર થયો. રૂા.૫૦૦ નક્કી થયા. રસ્તાઓ પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. લોકોની લાંબી કતારો આવી રહી હતી. હજી ભાયખલા પહોંચ્યા ત્યારે મારા નાનીમા, મારા માતુશ્રી, મારી બેન ઈન્દીરા જે છ માસની હતી તેને તેડીને ચાલતા આવતા હતા. પાછા ઘોડાગાડીમાં માટુંગા કોઈ સંબંધીને ઘરે ગયા. મસ્જિબંદરનો એરીયા મિલેટ્રીએ કોર્ડન કરેલ હોવાથી કોઈને અંદર જવા મળતું ન હતું. અમારે ત્યાં કામકાજ કરતા ભૈયાજી પણ ફાલ્કામાં પડી મરી ગયા. માણસો જે બચ્યા તે બેહાલ થઈ ગયા. દર દાગીના કપડા બધું ઘરે રહી ગયું. એ ગોઝારો દિવસ કોઈ દિવસ નહીં ભુલાશે

**શ્રી ભરત શિવજીભાઈ પુનસીભાઈ પોલડિયા, મુલુંડ**

શ્રી ભરતભાઈએ એમના પિતાજી પાસેથી સાંભળેલી વાત પ્રમાણે પિતાજીની ઓફિસ રતનશી આશારીયાની કું. જેના માલિક શેઠ ખીમજી માલસી મોમાયા, જખૌ તથા જ્ઞાતિના પ્રસિદ્ધ દાનવીર રાયચંદ હંસરાજ ધરમસીના પિતાશ્રી શેઠ હંસરાજ ડોસાભાઈ હતા અને કાજી સૈયદ સ્ટ્રીટમાં ઓફિસ હતી. એમની ઓફિસની તિજોરીમાં થોડાક રૂપિયા હતા તે ધડાકાની અસરને લીધે તિજોરી બંધ હતી છતાં બધા બળી ગયા. ત્યારે બ્રિટિશ ગવર્મેન્ટે એનાઉન્સ કર્યું કે જેની નોટોનો નંબર દેખાશે તેમને પૂરેપૂરા રૂપિયા પાછા આપવામાં આવશે પણ નોટો ક્યાં બચી હતી? એટલે તમે કલ્પી શકો છો કે આ મોટી લોખંડની તિજોરી બંધ હોવા છતાં, કેટલો પ્રચંડ ધડાકો અને ગરમી હશે કે અંદર રહેલી નોટો બળી ગઈ. (ક્રમશઃ)

## માનવજયોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુલુંડ-મુંબઈની પ્રેરણાથી શ્રી કુલીનભાઈ લુઠીયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં માનવસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ માનવજયોત-ભુજના શ્રી પ્રબોધ મુનવર દ્વારા ચલાવવામાં આવે છે. તેમના દ્વારા થયેલ પ્રવૃત્તિઓની વિગત નીચે મુજબ છે

• ૮૨૫ બિનવારસ લાસોની અંતિમક્રિયા કરવામાં આવી છે. • ૩૨૫૦ રખડતા-ભટકતા માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડાયા છે. •૧૧૫૭૦ વ્યક્તિઓને બસ-ટ્રેનનાં ટીકીટ ભાડા આપી ઘર સુધી પહોંચાડાયા છે. • ૬૫૧ યુવતીઓ-મહિલાઓ ઘરકંકાસથી અચાનક ભુજ પહોંચેલી તેમને સમાધાન સાથે ઘરે પહોંચાડાઈ.• ૨૭ તાજા જન્મેલા બાળકો મળ્યા. ૧૪ને બચાવી લેવાયા. ૧૩ મૃત હાલતમાં મળ્યા હતા. • ૨૬૧ ગુમ થયેલા બાળકોને શોધી આપી પરિવાર સાથે ફેર મિલન કરાવાયું છે. • ૫૩૮ દિવ્યાંગોને ટ્રાયસિકલો અર્પણ કરાઈ છે. • ૬૭૯ વિધવા મહિલાઓને સિવણ મશીન અર્પણ કરાયા છે. • ૪૮૭ વૃદ્ધોને ઘર શોધી આપી ઘરે પહોંચતા કરાયા છે.• ૪૮ મહિલાઓને આપઘાતમાંથી ઉગારવામાં આવેલ છે.• ૪૮ મહિલા, પુરૂષો, યુવક, યુવતીઓની લાસો તળાવમાંથી સંસ્થાએ કાઢી છે • દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં પક્ષીઓ માટે પાણી પીવાનાં ૪૦ હજાર કુંડાઓનું વિતરણ. પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા. • દર વર્ષે ચકલીઓ માટે સુરક્ષિત ૪૦ હજાર ચકલીઘરોનું વિતરણ. ચકલીઓને રહેવા માટે રૂપકડું ચકલીઘર હવે ઘરોઘર પહોંચ્યું છે. • પ્લાસ્ટીકની થેલીઓ અને ઝબલાનું દુષણ દુર કરવા, ગૌમાતાને બચાવવા, દર વર્ષે ૧૨ હજાર કાપડની થેલીઓનું વિતરણ.• ભુજ શહેરનાં એકલા-અટુલા-નિરાધાર ૧૧૭ વૃદ્ધોને નાત-જાતનાં ભેદભાવ વિનાં દરરોજ તેમનાં ઘરે જઇ નિઃશુલ્ક ભોજન ટીફીન દ્વારા પહોંચાડવામાં આવે છે.• વહેલી સવારે કચરાપેટીઓમાં ઉતરી, પસ્તી-પ્લાસ્ટીક-ભંગાર વીણી તેને વેંચી અને પોતાનાં પરિવારને દરરોજ ૨૦ થી ૩૦ રૂપિયા કમાવી આપતા બાળશ્રમયોગીઓને અક્ષરજ્ઞાન આપવામાં આવેછે. સંસ્થાની બે સ્કુલોમાં આવા ૪૫૦ બાળકોને વાંચતા-લખતા શીખાડી સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. બાળ મજુરોને શોધી શોધીને અક્ષરદાન આપવામાં આવે છે. • ગાય માતાઓ માટે પાણી પીવા સિમેન્ટની ૨૦૦ થી વધુ કુંડીઓ શહેરમાં ગોઠવવામાં આવી છે. ગાય માતાને પણ આવી કુંડીઓ દ્વારા કાળઝરતી ગરમીમાં પીવાનું પાણી મળી રહે છે. • શ્વાનો માટે પાણી પીવાની દર વર્ષે ૧૫૦૦ થી વધુ સિમેન્ટની ચાડીઓ ગોઠવવામાં આવે છે. શ્વાનો પણ પોતાની પ્યાસ બુઝાવી શકે છે. • દરરોજ ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, માછલીઓને લોટ નાખવામાં આવે છે. તથા કીડીયારો પૂરવામાં આવે છે.• ચોમાસાની શરૂઆતમાં ઝુંપડા અને ભુંગાઓમાં રહેતા પરિવારોને પ્લાસ્ટીક કાગળો અને તાલપત્રીઓનું વિતરણ કરવામાં આવે છે.• શિયાળાનાં પ્રારંભે ઠંડીમાં ઠુંઠવાતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. રાત્રે ખુલ્લામાં સૂતેલા લોકોને ધાબળા ઓઢાળવામાં આવે છે. • ઉનાળાનાં બળબળતા તાપમાં ફરતા બાળકોને પગરખાઓ વિતરણ કરવામાં આવે છે. • ઉનાળાની કાળઝરતી ગરમીમાં દરરોજ શ્રમજીવીકોને છાસ વિતરણ કરવામાં આવે છે. • વધુને વધુ વૃક્ષારોપણ કરવામાં આવે છે. લીંબોડી બિજનું વાવેતર કરવામાં આવે છે. • દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં ગરીબોના ઝુંપડે જઇ ઠંડા પાણીના માટીના માટલા વિતરણ કરવામાં આવે છે. • પ્રસંગોપાત સમાજવાડીઓમાંથી વધી પડેલી રસોઇ એકઠી કરી ગરીબોના ઝુંપડે વિતરણ કરવામાં આવે છે. જે રસોઇમાંથી દર વર્ષે અઢીલાખથી વધુ લોકોના પેટનો ખાડો પુરાય છે. અને અન્નનો બગાડ અટકે છે.

### Manavjyot Bank Details

| | | |
|---|---|---|
| **BANK OF BARODA BHUJ-KUTCH (Gujarat)** | Bank Account : **03730200000421** | **IFSC CODE : BARB0BHUJXX** |
| **ICICI Bank -Madhapar-Kutch.** (Gujarat), | Bank Account : **162401000909** | **IFSC CODE :** ICIC0001624 |
| **HDFC Bank -BHUJ-Kutch.** (Gujarat), | Bank Account : 50100371007463 | **IFSC CODE :** HDFC 0009432 |
| **Bank Of India -Bhuj-Kutch.** (Gujarat), | Bank Account : 38001011000282 | **IFSC CODE :** BKID0003800 |

# માનવજયોત સંસ્થા-ભુજના પ્રબોધ મુનવરને અત્યાર સુધી મળેલ એવોર્ડોની વિગત

• ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ ના વર્ષનો) પ્રબોધભાઇને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા હસ્તે અર્પણ થયેલો. •'કચ્છ ઉમંગ' નો ૨૦૧૧ નો ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો. •'કચ્છ શક્તિ' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨ માં ઉમદા સેવાઓ બદલ મળ્યો. • વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ,, ૨૦૧૩માં મળ્યો. • વર્ષ ૨૦૧૪ માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા. • કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ''વાયબ્રન્ટ કચ્છ -૨૦૧૫,, નો એવોર્ડ, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ થયો. •વર્ષ-૨૦૧૬ માં કચ્છ જિલ્લા કલેકટર શ્રી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ. • વર્ષ -૨૦૧૬માં નેહરૂ યુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઇ દેસાઇ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડઅર્પણ થયો. •વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ગુજરાતના બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર રહ્યા છે. • વર્ષ-૨૦૧૭ ઇન્ટરનેશનલ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ મુંબઇ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર નોબેલ એવોર્ડ ''બાના-૨૦૧૭,, અર્પણ થયો •વર્ષ-૨૦૧૭ ફરાદી મધ્યે ''ઝીલ,, એવોર્ડ • વર્ષ-૨૦૧૭ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન,, એવોર્ડ •વર્ષ-૨૦૧૮ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ દ્વારા ''અહિંસા એવોર્ડ'' • વર્ષ-૨૦૧૮ સંભવ ગ્રુપ - ભુજ દ્વારા ''જૈન રત્ન'' એવોર્ડ • વર્ષ-૨૦૧૮ કચ્છ યુનિવર્સિટી ભુજ મધ્યે શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે એવોર્ડ •વર્ષ-૨૦૧૮ કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે એવોર્ડ •વર્ષ-૨૦૧૯ નરેડી-કચ્છ મધ્યે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં રાજયમંત્રી વાસણભાઇ આહિર તથા પૂર્વ રાજયમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાનાં વરદ્ હસ્તે ''અહિંસા રત્ન'' એવોર્ડ •વર્ષ-૨૦૧૯ માં ગાંધીનગર મધ્યે ''ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ'' રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીના વરદ્ હસ્તે એવોર્ડ • વર્ષ-૨૦૧૯ માં ભુજ મધ્યે રાજ્ય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક એવોર્ડ • વર્ષ-૨૦૨૦ માં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા ''યુગાન્તર એવોર્ડ-૨૦૨૦,, •વર્ષ-૨૦૨૧ માં ''અડીખમ ગુજરાત'' ગુજરાતની ન્યુઝ ચેનલ જી-૨૪ કલાક દ્વારા કચ્છ જીલ્લાને અડીખમ રાખનાર કોરોના વોરિયર્સનું સન્માન •વર્ષ-૨૦૨૧ ''કોરોના યોદ્ધા'' તરીકેનું સન્માન રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે • વર્ષ-૨૦૨૨ માં અમદાવાદ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૩ માં મુંબઇ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા પ્રાઇડ ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૩ માં અમદાવાદ મધ્યે ''ગ્રીનપ્રેન્યોર'' દ્વારા ચેન્જરમેકર ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ • વર્ષ-૨૦૨૪ માં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનાં વરદ્ હસ્તે ''સાચી વાત બેધડક,, એવોર્ડ અર્પણ • વર્ષ ૨૦૨૫ મા આશાપુરા ન્યુઝ દ્વારા પ્રસ્તુત ''કચ્છડો ખેલે ખલકમે,, એવોર્ડ અર્પણ

**માનવજયોત સંસ્થા- ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ, ભુજ-ખાવડા માર્ગે ભુજથી ૭ કિલોમીટરનાં અંતરે આવેલું છે. જેના મુખ્ય દાતા માતૃશ્રી રૂક્ષ્મણીબેન રતનશીં સંગોઇ, શ્રીમતી મંજુલાબેન મહેન્દ્રભાઇ સંગોઇ ટોળા-કચ્છ હાલે પાર્લા (મુંબઇ) પરિવાર છે. સહયોગી દાતા એન્કરવાલા પરિવાર, પ્રિન્સ પાઇપ પરિવાર, નવનીત પરિવાર, એસપીએમ પરિવાર તથા અન્ય દાતશ્રીઓ છે. એકલા-અટુલા નિરાધાર રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોને માનવજયોતનાં વાહન દ્વારા આશ્રમ સ્થળે લઇ આવી તેઓની સારી સારવાર કરાવી વિવિધ રાજયોમાં તેમનું ઘર શોધી પરિવારજનો સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય કરવામાં આવે છે. દરેક રાજયની પોલીસ માનવતાનાં આ કાર્યમાં મદદરૂપ બને છે. ગુમ થયેલા અનેક લોકોને સંસ્થાએ શોધી આપ્યા છે. બે એકર જમીન ઉપર બે કરોડના ખર્ચે દાતાશ્રીઓ દ્વારા આ આશ્રમ બનાવી આપવામાં આવેલ છે. આશ્રમ સ્થળે અતિથિગૃહ, ભોજન શાળા, દવાખાનું, ગાર્ડન, ચબુતરો, મંદિર તથા ૩૦ રૂમો સાથેનું આ સંકુલ છે. જેની મુલાકાત લેવા વિનંતી છે. જેનાં મુખ્ય માર્ગદર્શક અને સંચાલક પ્રબોધ એચ. મુનવર છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભુજનાં પ્રમુખ છે. ક.દ.ઓ. જૈન કચ્છ એકમનાં ઉપપ્રમુખ છે. ૪૦ વર્ષથી સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લી. ભુજ બ્રાંચના મેનેજર છે.**

માનવ સેવા
એજ પ્રભુ સેવા

MANAV JYOT
માનવ જ્યોત




• Trust Reg. No. E-2324/Kutch
• Pan No. AACTM5297P
• 12A vide URN No AACTM 5297P25AD01 for period 1/4/26 to 31/3/36.
• 80G vide URN No AACTM 5297P25AD02 for period 1/4/26 to 31/3/31
• NITI Aayog UNIQUE ID IS GJ/2021/0287520 • CSR NUMBER 00038482

સંપર્ક : લોહાર ચોક, ભીડ ગેટ પાસે,ભુજ-કચ્છ. ફોન : (૦૨૮૩૨) ૨૨૪૦૦૦
મો. ૯૯૨૫૧૬૯૮૭૬-૯૮૨૪૬૯૧૧૧૪-૯૮૨૫૩૯૪૩૭૨-૯૯૦૯૮૫૩૫૫૫-૯૯૧૩૦૨૯૮૦૦
E-mail : manavjyotbhuj10@gmail.com • www.manavjyottrust.org

**આરોગ્ય પ્રકાશ**

# રસોડાની આરોગ્યદાયી ચીજો -૪

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978



**લવંગ :** રૂચીકર, પાચક, ભૂખ વધારનાર, વાત્ત-પિત્ત-કફ ત્રણે દોષનો નાશ કરનાર, હૃદય માટે ગુણકારી શરદી, કફ, ઉધરસ, દાંત અને અન્ય દુઃખાવામાં ત્વરિત રાહત દેનાર, રક્તદોષ મટાડે. રાત્રે જમ્યા બાદ ૧ લવંગ ચાવી, ગરમ પાણી પીવાથી જેને હાથ પગમાં ધ્રુજારો હોય તેને આરામ થશે. ૧ ગ્લાસ પાણીમાં રાત્રે ૭ લવંગ પલાળી સવારે નરણે કોઠે તે પાણી પીવાથી કબજીયાત મટે, પાચન સુધરે, વાળ ખરતા અટકે, હાર્ટને મજબૂત કરે, બ્લડ સુગર કંટ્રોલ કરે, આમ આરોગ્ય સુધરે.

**એલચી :** સ્વાદિષ્ટ, સુગંધીત, મોંની વાસ દૂર કરે, ફાઈબર વધુ તેથી પાચન કરે, કબજીયાત દૂર કરે. એલચી દાણા અને ખડી સાકર સમભાગે લઈ ખાંડી રોજ ૧ ચમચી લેવાથી મેટાબોલીઘઝમ વધે, રોગ પ્રતિકારશક્તિ વધે કેલેરી બળે-ખોટી ચરબી દૂર કરે, અપચો, એસીડીટી, કબજીયાત, પેટની ગરમી, મોંના ચાંદા, શરીરની નબળાઈ દૂર થાય અને તરત જ શક્તિ મળે. આ મિશ્રણમાં ૧ ચમચી દિવેલ ઉમેરી લેવાથી શરીરની ગરમી દૂર થાય. આંખોને ઠંડક આપી તેજ વધારે.

**અળશી :** રોજ ચાર ચમચી અળશી ખાવાથી પાચનતંત્ર, ત્વચા, હૃદય માટે, ડાયાબીટીસના દર્દી માટે, ફાયદાકારી ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડી સારું કોલેસ્ટ્રોલ વધારે, સાંધાના દુઃખાવામાં રાહત આપે. ઉનાળામાં પિત્ત પ્રકૃતિવાળા અને સર્ગભા સ્ત્રીઓએ મર્યાદિત ઉપયોગ કરવો. સેકેલી અળશી મુખવાસ તરીકે કે તેનો પાવડર કરી તેને શાક-સુપમાં ઉમેરી ફાયદો લેવો.

**ફટકડી :** એન્ટીસેપ્ટીક, એન્ટીબેક્ટેરીયલ ગુણ ફટકડીના છે, તેથી દાંત માટે ખૂબ ઉપયોગી. ફૂલાવેલી ફટકડીમાં મીઠું ભેળવી પાવડર તૈયાર કરો. દરરોજ દાંત સાફ કરતી વખતે આ પાવડરમાં ૩/૪ ટીપા રાઈનું તેલ ઉમેરી વાપરો. દાંત-પેઢા નિરોગી રહેશે. હુંફાળા પાણીમાં ફટકડીનો પાવડર નાખી કોગળા કરવાથી ગળાનું અને મોંનુ ઈન્ફેક્શન દૂર થશે. ગળાની તકલીફ હોય તેણે છેલ્લે એકાદ ઘૂંટડો પી જવો. ફટકડી પાવડર, હળદર પાવડરમાં ૧ ઈંચ એલોવેરાના ગર સાથે મિક્સ કરી દુઃખતા સાંધા પર લગાડવાથી ઘણી રાહત મળે છે. પાણીના શુદ્ધિકરણ માટે પાણી ભરેલા મોટા વાસણમાં ૧૦ વખત ફટકડીના ટૂકડાને ઘુમાવી લેવું અને આ વાસણને સ્થિર (હલાવ્યા વગર) રાખી મુકવાથી પાણીમાંની અશુદ્ધિ નીચે બેસી જશે અને ધીરેથી ઉપરનું પાણી નીતારી લેવાથી સ્વચ્છ પાણી મળશે. આ ક્રિયાને નિતારણ ક્રિયા કહેવાય છે.

**મેથી :** વાયુ દૂર કરે, પેટના દર્દો માટે ઉત્તમ, આમપાચક, ભૂખ ઉઘાડનાર, ઝાડા, જૂના મરડામાં દહીં કે છાશ સાથે મેથી પાવડર ૧ ચમચી લેવાથી ફાયદાકારી. લોહીમાં સાકર નિયંત્રિત રાખે, ખોટી ચરબી ઘટાડે, હૃદયને બળ આપે તેથી જ હૃદયરોગીએ મેથીનો છૂટથી ઉપયોગ કરવો. ધાવણ વધારનાર હોવાથી, પ્રસુતા માટે ઉપયોગી. દરરોજ રાત્રે ૧ ચમચી મેથી ભીંજવી સવારે તેનું પાણી પી દાણા ચાવી જવા આમ નિયમિત કરી મેથીનો સંપૂર્ણ ફાયદો મેળવી શકાય.

**લીંબુ :** વિટામીન-સી થી ભરપૂર તેથી રોગ પ્રતિકાર શક્તિ વધારે. લીંબુની છાલ ખૂબ ગુણકારી, કેન્સરના દર્દીને કેમોથેરપી કરતાં વધુ ફાયદાકારી તેથી છાલનો પણ ઉપયોગ કરવો. પાચનતંત્ર સવસ્થ રાખે. કબજીયાત દૂર કરે. હુંફાળા પાણીમાં ૧ લીંબુ નીચોવી નરણે કોઠે પીવાથી ખોટી ચરબી ઘટે. આલ્કલાઈન પાણી બનાવવા લીંબુ ઉપયોગી.

**કોથમીર :** વાત, પિત્ત, કફ ત્રણે દોષોનું શમન કરે. દરેક ઋતુમાં, દરેક વ્યકિ છૂટથી ઉપયોગ કરી તેનો ફાયદો લે. વિટામીન-એ વધુ તેથી આંખો માટે ગુણકારી. શરીરની ગરમી બ હાર ફેંકી કીડનીને ફાયદો કરે.

**મરચા :** ભૂખ લગાડનાર, પાચન કરનાર, મોંની ચિકાસ દૂર કરનાર, લોહી વધારનાર, પ્રતિકાર શક્તિ વધારનાર ગુણકારી છતાં અતિ તીખા લવંગીયા મરચાનો ઉપયોગ

સિમીત કરવો નહીં તો તેનાથી એસીડીટી, અલ્સર, પાઈલ્સ વગેરે થઈ શકે.

*દરેક પ્રકારની દાળ અને કઠોળ એ પ્રોટીનનો મુખ સ્રોત છે તેનો નિયમિત ઉપયોગ કરવો.

*આરોગ્ય માટે રિફાઈન્ડ તેલ, પામોલીન, વનસ્પતિ ઘી નો ખાવામાં ઉપયોગ બંધ કરવો જરૂરી છે ત્યારે શરીરમાં તેલની જરૂરિયાત પૂરી કરવા, તલ, સિંગ, નારિયેળ, કોપરું વગેરેનો ખાવામાં કે વાનગીઓમાં ઉપયોગ કરીએ.

*સરગવાના પાન સુપર ટોનિક છે.

* કેરીની ગોટલીનો મુખવાસ તરીકે ઉપયોગ કરી બી-૧૨ની ઉણપ દૂર કરી શકાય.

* ઘઉં-ચોખાને બદલે મિલેટ્સ-બાજરી, જુવાર, રાગી, કોદરી વગેરેનો ઉપયોગ કરો જેમને હાઈ બી.પી. ડાયાબીટીઝ કોલેસ્ટ્રોલ વગેરે બિમારી હોય તેમણે તો ખાસ મિલેટ્સ વાપરવા.

* રાજગરામાં કુદરતી સ્ટેરોઈડ છે જે શરીરના દુઃખાવામાં ખૂબજ ફાયદાકારી.

* સફેદ ઝેર સમાન સાકર બંધ કરી, ખજૂર, અંજીર, ખારેક, કિસમિસ, જરદાલુનો ઉપયોગ કરી મિઠાઈ, આઈસ્ક્રીમ બનાવો.

આમ રસોડાની આરોગ્યદાયી ચીજો વાપરી આરોગ્ય જાળવો.

## ગગનચુંબી ઈમારત




ગગનચુંબી ઈમારત કોઈ પણ સમાજ ટ્રસ્ટની હોય તો એ છે કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ સમાજની. જી હા અને એ તૈયાર છે મહાનગર મુંબઈના હાર્દ સમા ઉપનગર ભાંડૂપની ૩૯ માળાની અનંતસીદ્ધીના સ્વરૂપે જ્યાં ટ્રસ્ટના મકાનમાં રહેતા જ્ઞાતિજનોને કરોડની સંપત્તિના મકાન પોતાના કરાવીને સ્વપ્નાઓને હકીકતમાં બદલ્યા છે, સાકાર કર્યા છે. ઘણા સમયથી આ અનંતસીદ્ધીના જર્જરિત મકાનોને પુનઃનિર્માણ કરવા જ્ઞાતિના વ્યકિતવિશેષો દ્વારા ભરચક પ્રયત્નો કરાયા. ચેરીટી કમીશને રીજેકટ કર્યા તેથી જ્ઞાતિના અમુક મહાનુભવોમાં નિરસતા સાથે નકારાત્મકતા નિર્માણ થઈ. આ project viable નથી એવો સુર સંભળાયો ત્યારે અંનતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ટીમે હામ ભીડી અને સાથ મળ્યો શ્રેષ્ઠીવર્ય શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયાનો, જેઓ જ્ઞાતિના અને ખાસ કરી અમારી અનંતયુવા શકિત ટીમના માર્ગદર્શક (MENTOR) છે.

૩ વર્ષમાં પરિણામ તમારી સમક્ષ છે. કહેવત છે ને જ્યાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી. ભલે જશ અમારા બધાને ફાળે જાય પણ ઉપરોક્ત કહેવતને સાર્થક કરનારા અમારા અને આપણા સૌના ગૌરવ સમા જ્ઞાતિ લીડર- નીડર શ્રી નયનભા, જેમના થકી એકદમ અશક્ય લાગતા કાર્યને શક્ય બનાવી સેંકડો જ્ઞાતિજનોના સપના સાકાર કર્યા છે. ફક્ત વાતો નહીં પોતાની વીઝનરીથી ઘાટકોપર અનંતછાયાને ૯ ને ૪૫માં બદલી ફક્ત ૨ વર્ષ માં ભાડૂતોને ફ્લેટ પઝેશન અપાવ્યા.

અનંતછાયાના અનંતનાથ જીનાલયની કાયાપલટ કરાવી, અશક્ય લાગતી બાબતને શક્ય કરી.

હું તો કહું છું જીદંગી અલ્પ છે. જેમ દેશને સરદાર પટેલ પછી સદી બાદ મોદી મળ્યા છે તે રીતે આપણી જ્ઞાતિને શેઠ નરશી નાથા બાદ નયનભા મળ્યા છે. બધુંએ બાજુ મુકી આપણી નાતના અટકેલા કામો પ્રોજેક્ટો એમને સોંપી દો, જેથી આપણા વડીલોના રહી ગયેલા સપનાઓ સાકાર થાય. આવા વીરલ વ્યકિતત્વો વારેઘડીએ જન્મ નથી લેતા એટલે મારી આપ સૌને વિનંતી છે કે મર્યા પછી આપણે સૌને વખાણીએ, પણ જીવતે કદર કરી નયનભા પાસેથી કામ કરાવી લઈએ, એમને ભગવાને આપેલ દીર્ઘદષ્ટિનો સદઉપયોગ કરી જ્ઞાતિના સત્કાર્યો કરીએ, સૌ સાથે મળીને જ્ઞાતિને આગળ લઈ જઈએ. જય જય શ્રી અનંતનાથ,

**- ચેતન મેઘજી મોતા-વારાપધર (ભાંડુપ)**

**મો.: ૯૩૨૨૨ ૮૨૯૯૩**

# આવું કંઈક કરીયે તો કેમ?




ઉપરોક્ત મથાળા હેઠળનો લેખ પ્રકાશ સમીક્ષાના માર્ચ ૨૦/૨૦૨૬ના મહિલા વિભાગમાં સંપાદિકા સૌ. માલતીબેન ધરમશીનો વાંચ્યો.

ચાર પાંચ દિવસના લગ્ન પ્રસંગમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે અને એમાં અમુક કાર્યક્રમમાં અમુકને અને અમુક કાર્યક્રમમાં અમુકને બોલાવીયે તો તેના ફાયદાઓ, તેમણે તેમની વિચારસરણી મુજબ વ્યક્ત કર્યા છે. કાંઈ ખોટું નથી, દરેકને વાણી સ્વાતંત્ર્ય હોય પણ આવા ભપકાદાર લગ્નપ્રસંગો તો અતિ શ્રીમંત વર્ગને જ પોષાય. પણ જો અમુક પ્રસંગોમાં અમુકને જ બોલાવો તો અન્ય સ્નેહી સ્વજનોનું મનદુઃખ થાય એ નિર્વિવાદ છે અને કાયમનું મનદુખ રહી જાય અને એના કારણે સંબંધો... તુટી પડે એ કેમ ચાલે?

મારા મંતવ્ય મુજબ શ્રીમંતો પણ અતિ ભપકાદાર લગ્નો ન ગોઠવતાં, જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા યોજાતા સમુહ લગ્નોમાં પોતાના સંતાનોના વિવાહ નોંધ કરાવે એ ઈચ્છનીય છે.

જયાં સુધી મને યાદ છે તેમ એક વખત મુંબઈ મહાજનના પ્રમુખ સ્થાને રહેલ વડીલશ્રી હીરાચંદ અરજણ પટેલ કે જેમણે પોતાના સુપુત્રનું સમૂહલગ્નમાં વિવાહ કરાવી દાખલો બેસાડયો હતો.

આજે જ્ઞાતિના મહાજનો, ખાસ કરીને મુંબઈ મહાજન આપણા બાળકોના સગપણ થાય એ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે ને યુવાવર્ગ એમાં ભાગ પણ લે છે, પરંતુ પરિણામ આશાજનક આજે પણ નથી મળી રહ્યા.

મને લાગે છે કે આવા કાર્યક્રમો ગોઠવવાનું બંધ કરે, કારણ આજના બાળકોની વિચારસરણી મેળ ખાતી નથી, બાળકો મા-બાપનું માનતા નથી અને લગ્ન કરવાની ઉમર પણ દુર સરી જતી નજરે પડે છે.

આજે ૪૦/૫૦/૬૦ની ઉમરમાં જ વિવિધ બિમારીઓને કારણે મરણ થઈ રહ્યા છે. અમુક જ વડીલો ૮૦/૮૫/૯૦ ની ઉમરે આજે પણ તંદુરસ્તમય જીવન જીવી રહ્યા છે કારણ તો તમારે શોધવાનું રહ્યું..!

યુવાવર્ગને એક આગ્રહભરી વિનંતી...

ઉચ્ચ અભ્યાસ, મોટો પગાર, મોટો બ્લોક, મોટરગાડી, એશોઆરામની જિંદગીવાળું ઘર, અને સ્વતંત્રતા ન જોતાં ખાનદાન પરિવાર, નિર્વ્યસની પાત્ર, સંયુક્ત કુટુંબ કે જયાં માન મર્યાદા હોય એવા પાત્રની પસંદગી કરવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ. જેમાં ભણતર કરતાં ગણતર વધારે હોય, સ્વતંત્ર ધંધાની આવડત હોય.....!

નોંધ : આ મારા વ્યક્તિગત વિચારો છે. અપનાવો કે ન અપનાવો, આપની ઈચ્છા.

**- શાંતિલાલ રામજી લાલકા-હુબલી**

**મો.: ૯૨૪૨૨૨૦૮૦૩**

# ભય વગર જીવો - આનંદમાં રહો




જનમ મરણની પ્રક્રિયા હજારો લાખો વર્ષોથી નિરંતર ચાલી આવી રહી છે. જનમ ખુશીના પ્રસંગ તરીકે મનાવાય છે. જ્યારે મરણ દુઃખનો. Even આકાશી ગોળાઓ જેવા કે સુરજ, ચાંદ, તારાઓ અને ગ્રહોનો પણ ઉદ્દભવ અને અંત છે. ફરક એટલો કે ગ્રહો તારાઓનું આયુષ્ય કરોડો કે અબજો વર્ષોમાં ગણાય જ્યારે મનુષ્ય અને અન્ય પ્રાણીઓની આયુ સો બસો કે પાંચસો વર્ષ હોઈ શકે.

આપણો જનમ ક્યાં, કેવી રીતે, કઈ દશામાં અને કોને ત્યાં થશે તે આપણે જાણતા નથી. પણ એક વાર જનમ લઈ લીધા પછી મૃત્યુ તો નક્કી જ છે.

સમયે સમયે આપણા રિવાજોમાં બદલાવ આવતો જાય છે. સદીઓ પહેલાં એ દુઃખના પ્રસંગોમાં રોકકળ, છાજીયા લેવાતા અને મરશિયા ગવાતા. જ્યારે આજે સાદડી ઉઠમણાની પ્રથા બંધ થઈ ગઈ છે અને છેલ્લે છેલ્લે પ્રાર્થના અને લૌકિક વહેવાર પણ નથી રખાતા.

જ્યારે આપણે જાણીએ જ છીએ કે મૃત્યુ એક ચોક્કસ બાબત છે અને વહેલા મોડા આવવાનું જ છે તો શા માટે એને દુઃખદના બદલે એક સામાન્ય ઘટનામાં ખપાવવાનો પ્રયાસ ન કરીયે?

આમ એ બાબત આપણે સૌ સ્વીકારીએ અને આપણું શરીર જે આપણા જીવને, શ્વસનતંત્રને, પાચનતંત્રને અને બીજા મહત્વના અંગો હાર્ટ, ફેફસા, લીવર, કિડની વગેરેને સાચવે છે, એ શરીરનું આપણે ધ્યાન રાખીએ તો એ આપણને લાંબું જીવાડે...

માટે ભય વગર જીવો. આનંદમાં રહો. સદા મગન મેં રહના. (મઢડાવાળા શિવજી બાપા).

**- રમેશ જેઠાભાઈ નાગડા-નલિયા (કોચીન)**

**મો.: ૯૪૪૭૭૬૮૭૪૦**

## આ નરસંહાર ક્યાં અટકશે ?




હાલ મધ્ય એશિયામાં યુદ્ધ થઈ રહ્યું છે એ ખૂબ જ દુઃખદ છે. એમાં યહૂદી, અમેરિકન, ઈરાની યોદ્ધાઓ, પ્રજાજનો તેમજ અન્ય દેશોના નિર્દોષ નાગરિકોના મોત થઈ રહ્યા છે ! આ બધું શેના માટે થઈ રહ્યું છે ? ઈરાન વિનાશક અણુ શસ્ત્રો બનાવે તેમાં અમેરિકાને વાંધો છે! બીજા વિશ્વયુદ્ધની આખરે, ૧૯૪૫માં જાપાન પર અણુ બોમ્બ નાખી ભયાનક તબાહી આ અંગેજોએ જ કરેલી ! નાઝીઓએ લાખો યહૂદીઓને અતી રિબાવી રિબાવીને મોતના મુખમાં હોમી દીધેલા ! (આ વિશે હાલ દર બુધવારે ગુજરાત સમાચારની પૂર્તિમાં કોલમ લખાય છે). ઈરાનના અણુ શસ્ત્રોનું તો બહાનું છે ! આ યુદ્ધના હુમલા કોઈ જૂની અદાવતના બદલા રૂપે થઈ રહી છે! ૧૯૩૯-૧૯૪૫ના બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મધ્ય એશિયાના મુસ્લિમ દેશો અલિપ્ત રહ્યા અને એ યુદ્ધના સમાપન પછી યુદ્ધમાં તારાજ થયેલા દરેક એશિયન દેશની સાથે માનવીય સહાનુભૂતિ બતાવી, યથા યોગ્ય મદદ કરી, ફરી બેઠા કર્યા ! અમેરિકનો અને અંગ્રેજો માટે એશિયાઈ દેશો, જેવા કે ચીન, જાપાન, રશિયા, વિયેતનામ વિગેરે દુશ્મન હતા અને એ દુશ્મન દેશોને મદદ કરનાર એશિયાઈ મુસ્લિમ દેશો પણ દુશ્મન થયા !!

અમેરિકામાં કાંઈ ઉત્પાદન થતું નથી ! દુનિયાના ઘણા દેશોમાંથી આયાત કરી ત્યાંની પ્રજા પેટ ભરે છે તેથી વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ, અમેરિકા અને અંગ્રેજોએ અમુક એશિયાઈ અખાતની ખાડીના દેશોમાંથી, રોજિંદી જરૂરિયાતની વસ્તુઓની ગરજ હોવાથી, કૂટનીતિથી શાંતિ વાર્તા ચલાવી, આર્થિક મદદ અને સંરક્ષણ માટે શસ્ત્રોની પૂર્તિ કરવાની ખાતરી આપી, સંબંધ બનાવ્યા ! બાકી આ 'અંકલ સેમ' કોઈના થયા નથી અને થાય પણ નહીં ! ભારતના મોદી સાહેબના અઝીઝ દોસ્ત ટ્રમ્પે પળવારમાં દોસ્તી કિનારે મૂકી, ૫૦ ટકા ટેરિફ, કોઈ પણ શેહ શરમ વિના ભારતથી આયાત થતા માલ પર ઠોકી દીધી !! કેમ કે ભારત, રશિયા ( અમેરિકાના દુશ્મન દેશ ) સાથે દોસ્તી રાખે અને વ્યાપારી સંબંધ બાંધી, સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદે એ ન પાલવે ! આજે એ જ અમેરિકન પ્રમુખ, સિયા અને સુન્ની પંથના મુસ્લિમ દેશોને આપસમાં લડાવવા ખૂબ પ્રયત્ન કરી રહ્યો છે !

આ નરસંહાર ક્યાં અટકશે ? કેટલી જાનમાલની હાની થશે, એ કહેવું કઠિન છે. હવે તો જિસસ, અલ્લાહ કે ભગવાન જેવી આસમાની શક્તિ આ ક્રૂર માનવીઓને સદબુદ્ધિ આપે એવી પ્રાર્થના કરીએ !

**- વસંત કચ્છ કેસરી-દેવપુર (મુલુંડ)**

**મો. ૮૪૫૧૦૯૮૬૭૮**

# શું આપણે નવું KDO વસ્તીપત્રક બનાવવાની શરૂઆત કરશું?




ભારત જ્યારે ૨૦૨૭માં વિશ્વનું સૌથી મોટું ગણતરી અભિયાન-ડિજિટલ મેપિંગ અને ઊંડા વિશ્લેષણ સાથે આજથી શરૂ કરવા જઈ રહ્યું છે, ત્યારે તે આપણા માટે એક પ્રેરણાદાયક સંદેશ આપે છે.

તે આપણને આપણી જ્ઞાતિની પહેલ-વસ્તીપત્રક-યાદ અપાવે છે. તેના સમયમાં આ એક સરાહનીય પ્રયત્ન હતો, પરંતુ આજે તેને નવી દિશા, આધુનિકતા અને વધુ ચોકસાઈની જરૂર છે.

મને શ્રી KDO જૈન મહાજન, ગદગના બીજા વસ્તીપત્રક સાથે સક્રિય રીતે જોડાવાનો અવસર મળ્યો હતો. તે અનુભવથી એક મહત્વપૂર્ણ સત્ય સ્પષ્ટ થયું:

ચોક્કસ અને વ્યવસ્થિત માહિતી વિના દ્રષ્ટિ અસ્પષ્ટ રહે છે અને આયોજન અસફળ બને છે.

આજે ઘણા KDO સામાજિક કાર્યકરો એક અપડેટેડ અને વ્યાપક જ્ઞાતિ ડેટાબેઝની જરૂરિયાત સમજે છે. ઈરાદો છે પણ પહેલ માટે નેતૃત્વની રાહ છે.

પ્રશ્ન શા માટેનો નથી, પરંતુ કોણ નેતૃત્વ લેશે?

હવે સમય આવી ગયો છે કે સમસ્ત મહાજન, અન્ય મહાજનો, એકમો અને મંડળો, અલગ-અલગ અથવા સાથે મળીને સ્પષ્ટતા અને પ્રતિબદ્ધતા સાથે આગળ આવે. એક સમર્પિત અને વ્યાવસાયિક માર્ગદર્શન ધરાવતી ટીમ, ડિજિટલ કુશળતા ધરાવતા સભ્યો અને પૂર્વ અનુભવ ધરાવતા કાર્યકરોના સહયોગથી આ કાર્યને આગળ લઈ જઈ શકે છે.

સૌથી પ્રથમ અને મહત્વપૂર્ણ પગલું છે,એક નેતૃત્વ સંસ્થાની ઓળખ અને પસંદગી. નેતૃત્વ નિશ્ચિત થયા પછી દિશા અને ગતિ સ્વાભાવિક રીતે મળશે.

આર્થિક સહાય મહત્વપૂર્ણ રહેશે, પણ સામુહિક ઈચ્છાશક્તિ વધુ મહત્વપૂર્ણ છે.

Team KDO DEEP તરફથી, નજીકના ભવિષ્યમાં આ પહેલ માટે રચાયેલી કોઈ પણ સત્તાવાર ટીમને સંપૂર્ણ સહયોગ અને શક્ય નાણાકીય મદદ આપવાનો અમે વિશ્વાસ આપીએ છીએ.

ચાલો જરૂરી કાર્યમાં વિલંબ ન કરીએ. ચાલો વસતીપત્રક બનાવીએ, જોડાઈએ અને KDO માટે વધુ મજબૂત ભવિષ્ય સર્જીએ.

**- તિલકચંદ કે.એલ.-ચેન્નઈ**

# મનમાં ગાંઠ વાળી લેવાની કે આ કાર્યને કોઈપણ ભોગે પાર પાડવું છે.




જનમાનસમાં ઘણાં વર્ષોથી ઘૂંટાઈ રહેલી સમસ્યાને ફરી એકવાર પ્ર.સ.ના તા. ૫.૩.૨૬વાળા અંકના તંત્રીલેખમાં માનનીય એડ. શ્રી ઉદયનભાઈ શાહે સચોટ વાચા આપી. એમને અભિનંદન અને શુભકામના.

કચ્છના આપણા વિસ્તારમાં એકપણ સાધન-સંપન્ન હોસ્પિટલ ન હોય એ ચિંતાજનક છે. ફળસ્વરૂપે તાજેતરમાં જ મોટી સિંધોડી અને સાભરાઈ જેવા ગામોને પોતાના અણમોલ રત્નો ખોવાનો વારો આવ્યો.

'કેર ગનધો જવાબદારી'ના જવાબમાં એમ કહી શકાય કે, આપણી જ્ઞાતિ પાસે કર્મઠ અને ભારોભાર જ્ઞાતિદાઝ ધરાવતી હસ્તીઓ છે. તો સાથોસાથ મોભી અને સક્ષમ સંસ્થાઓ પણ છે, જેના સથવારે અને માર્ગદર્શન સાથે જરૂર આગળ વધી શકાય. જરૂર છે માત્ર 'મનમાં ગાંઠ વાળી લેવાની કે આ કાર્યને કોઈપણ ભોગે પાર પાડવું છે.'

હવે વાત કરીએ કચ્છમાં આપણી વસતી વધારવા એક સચોટ ઉપાય એ છે કે, જે તે ગામના નિવૃત્ત પદાધિકારીઓ / ટ્રસ્ટીઓ બાર મહિનામાં કમ સે કમ એક/બે મહિના (પ્રસંગો ઉપરાંત) પોતાના ગામમાં રહેવું જોઈએ. (કેટલાક ગામોમાં એમ થાય છે, એ સહુની અનુમોદના) જેનું અનુકરણ અન્ય ગામવાસીઓ પણ કરશે જ.

ફરી એક વખત લેખકશ્રીને અભિનંદન...

**- દિનેશ રતનશી શાહ-મોટી સિંધોડી (મલાડ)**

**મો.: ૯૨૨૧૦ ૪૭૨૪૬**

## સમજ - સંવાદ - સમન્વય




K.D.O પ્રકાશ સમીક્ષાના 20 March 2026ના અંકમાં યુદ્ધની આગ અને વિશ્વ શાંતિનો માર્ગ ક્યાં છે? આ લેખ વાંચ્યો. મારો નમ્ર પ્રતિસાદ રજુ કરૂં છું.

મુજા પપ્પા વટા સોયો આય. પાંજે મે ચોવટ આય. હિ ઈશા અને મુસા બાખડધા, હેકડો ડી!

**વાર્તા સાર ૧ :** એક દિવસ ગુસ્સે ભરાયેલો અબ્રાહમ પોતાના પિતાની દુકાનમાં બનાવેલી સઘળી મૂર્તિઓનો વિનાશ કરે છે. એ જ અબ્રાહમ યહૂદી ધર્મનો સંસ્થાપક બને છે.

**વાર્તા સાર ૨ :** સમયાંતરે આ જ યહૂદી સમાજના આગેવાનો દ્વેષ ભાવે ભરાઈ જિસસને crucify કરે છે. એ જિસસ ઈસાઈ ધર્મનો સંસ્થાપક બને છે.

**વાર્તા સાર ૩ :** પયગંબર પોતાને યહૂદી ધર્મનો Messenger ગણાવે છે, પણ તેનો વિરોધ થતા પાછળ હટે છે. ૮ વર્ષના સતત યુદ્ધ બાદ તે ૩૬૦ મૂર્તિઓનો વિદ્ધંશ કરે છે. અને ઇસ્લામ ધર્મની સ્થાપના કરે છે.

કોરો પાંજી ચોવટ હેકડો તુક્કો આય?

હિ ઈશા અને મુસા વિચારધારામાં મૂળ ભાવ કયો?

What is the intent?

થોડો ઉન્નો વિચાર કૈયો.

પપ્પાજી દ્રષ્ટિએ સિધ્ધો (ઉઘડો) હિસાબ આય, સાહેબ! ગુસ્સો, દ્વેષ અને અહમ મૂળિયે મેં વોય ત હોંજો પરિણામ કોરો અચે? જવાબ પાંજે સામે આય.

It is a clear cascading causal effect!

**જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો**

**સિદ્ધાંતિક દર્શન :** જૈન દર્શન મૌલિક તત્વ અને સત્વને જાણનારી અને પામનારી વિચારધારા છે. જેનો DNA શ્રમણ અને સાંખ્ય વિચારધારાથી ઉદ્‌ભવેલો છે. પ્રભુ મહાવીર સતત સાડા બાર વર્ષ સુધી કાઉસગ્ગ (કાયોત્સર્ગ) ધ્યાન આદરી અને સત્ય પામ્યા. મુળ તત્વ પામ્યા. પરિણામે ત્રિપદી કીધી. ઉપનૈવા-વિદ્‌નૈવા. ધ્રુવૈવા. વ્યવહાર નયે, પર્યાય દષ્ટિએ, અસ્તિત્વ સતત ઉત્પન્ન અને વિનાશનો ચક્ર જણાય છે. નિશ્ચય નયે, ગુણ દ્રષ્ટિએ, અસ્તિત્વ ધ્રુવ, સ્થિર, સનાતન છે. જ્યારે નિશ્ચય નય સ્થિર અને સ્પષ્ટ થાય છે, ત્યારે સંસાર/કર્મ ચક્ર નિવૃતિ સહજે ઘટે છે. શાંતિ, સ્વતંત્રતા સ્વાભાવિક ઘટે છે. સત્ય દર્શન મૌલિક ભાવ છે જૈન વિચારધારાનો. બીજ છે આપણા કલ્પવૃક્ષનો. પાયો છે આપણા સિદ્ધાંતોનો અને સંસ્કારોનો.

**વ્યવહારિક દર્શન :** આ જ સિદ્ધાંતનો વ્યવહારિક સાધન છે, અનેકાંતવાદ. બે વ્યક્તિઓના ભિન્ન અભિપ્રાયો, પ્રાસંગિક રીતે, સ્વતંત્ર અને સાચા હોઇ શકે છે. અને બન્ને અભિપ્રાયો વિષે બન્ને પક્ષો agreement અથવા disagreement ની સ્વતંત્રતા ધરાવે છે. Opinionwise and actionwise freedom for joint or independent execution is the way to peace.

સરળ ભાષામાં કહીએ તો...

તોજી ગાલ હેન દ્રષ્ટિએ સચી આય. મુંજી ગાલ હોન દ્રષ્ટિએ સચી આય. તોજો મુંજો વેનલા ડે.

પણ પ્રાસંગિક રીતે... હિ સમન્વય, હિ રસ્તો, હિ વ્યવસ્થા યોગ્ય આય. Accepting and doing something what is truly needed in complete harmony and synergy.

એ વિશ્વસ્તરનું યુદ્ધ હોય, બે ભાઇઓ વચ્ચેનો મતભેદ હોય કે ચિંતાજનક રીતે વકરી રહેલો divorce અને તેના દુષ્પરિણામોનો પ્રશ્ન હોય.

સરળ ભાષામાં સમજ, સંવાદ અને સમન્વયની ત્રિપદી પાયો છે coexistence નો. Tolerance નો. Peace નો. Progress નો.

Disclaimer: સંવાદની કોશિશ છે. સમજની. સાધવાની. સમાવેશ કરવાની. કોઇ ધર્મ, ધારણા, વ્યક્તિ વિશે, અથવા કોઇ મુદ્દે લાગણી દુભાય તો મિચ્છામિ દુક્કડમ.

**-અમિતકુમાર ભરત મોતા-કુવાપધર (મુલુંડ)**

**Mob.: 98194 01196**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી વિરજી લઘા વિદ્યાર્થી ગૃહ દ્વારા કારકિર્દી માર્ગદર્શન






૨૯મી માર્ચના રોજ શ્રી વિરજી લઘા વિદ્યાર્થી ગૃહ દ્વારા ૯મા અને ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ તથા તેમના માતા-પિતા માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૩૫થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા હાજર રહ્યા હતા.

આ સેમિનારમાં માર્ગદર્શન શ્રીમતી દીપ્તિ અનિલ ધરમશીએ આપ્યું હતું અને તેમણે ખૂબ સરસ રીતે સેમિનારનું સંચાલન કર્યું હતું. વિદ્યાર્થીઓને તેઓ કયા કયા કોર્સ પસંદ કરી શકે તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી હીના કલ્પરાજ ધારમશી, શ્રીમતી જયશ્રી કાંતિભાઈ જૈન, શ્રીમતી હર્ષા હેમાંગ ધરમશી, શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડ, શ્રીમતી નીતલ હિનેશ લોડાયા તેમજ શ્રી ઉત્તમ લોડાયા ઉપસ્થિત રહ્યા હતા.

### રાજભવનના શામિયાણે દીક્ષા અભિવાદન



અધ્યાત્મ પરિવારના મોભી, ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ મોતા અને તેમના ધર્મપત્ની શ્રીમતી નિશાબેન મોતાનું ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલ (ગવર્નર) તથા મુખ્યમંત્રીના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ રાજભવનના શામિયાણામાં ૬૪ દીક્ષા અભિવાદન સમારોહ હેઠળ યોજાયો હતો.

### વેરાવળ બેંકના ચેરમેન બન્યા મધુરીબેન દંડ



વેરાવળ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લિ.ના ચેરમેન પદે કચ્છ લાલા (વેરાવળ)ના મધુરીબેન નવીનચંદ્ર દંડ બિનહરીફ નિમાયા છે. આ બેંક સૌરાષ્ટ્રની એક અગ્રણી સહકારી બેંક છે જે નવીનભાઈના ચેરમેન પદે અનેક એવોર્ડ જીતતી રહી છે તેને પ્રથમ જ મહિલા ચેરમેન મળ્યા છે. સંભવતઃ આપણી જ્ઞાતિમાંથી પ્રથમવાર મહિલા ચેરમેન પદે નિયુક્ત થયા છે.

### દેવ મોમાયા બલરામની ભૂમિકામાં



સાંયરાના માટુંગા નિવાસી શ્રીમતી ઉર્વી અને જયેશભાઈ મોમાયાના ચિ. દેવ મોમાયા ચેન્નઈ ખાતે કૃષ્ણલીલા આધારિત નાટક રાજાધિરાજમાં બલરામની ભૂમિકા અદા કરશે.

માત્ર ૯ (નવ) વર્ષની ઉંમર અને ત્રીજા ધોરણમાં અભ્યાસ કરી રહેલો દેવ ચાર શો માં અભિનય કરશે. આ પહેલા દેવ મોમાયાએ આજકા અભિમન્યુ, સાઉથ ઈંડિયન મેન, પલાશ કે ફૂલ સહિત અનેક વૈવિધ્યપૂર્ણ ભૂમિકામાં પ્રતિભાના દર્શન કરાવ્યા છે. રાષ્ટ્રસ્તરે દેવ મોમાયા હિંદી સાહિત્યના નાટકોમાં ભાગ લઈ ચૂક્યા છે. એટલું જ નહીં જિલ્લા સ્તરની તાઈ સ્વાન્ડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

## કાંતિલાલભાઈ વોરાને એવોર્ડ



રંગપુરના કોઈમ્બતુર નિવાસી કાંતિલાલભાઈ ગાંગજી વોરાને તેમની કપાસ ક્ષેત્રમાં સુદીર્ઘ અનન્ય સેવાની કદરરૂપે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્સટાઈલ મેનેજમેન્ટના ટેક્સલેન્સ ૨૦૨૬ના અન્વયે ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ પાયોનિયર એવોર્ડ એનાયત કર્યો છે.

કાંતિલાલભાઈને આ પૂર્વે સન ૨૦૧૯માં ભારતીય કોટન ફેડરેશને ટેક્ષટાઈલ ક્ષેત્રે સુદીર્ઘ સેવા માટે 'લાઈફટાઈમ એચવમેન્ટ એવોર્ડ' એનાયત કર્યો હતો.

## સખીવૃંદ - પૂના



તા. ૧૪.૨.૨૦૨૬ના ચાંદનીબેન લોડાયાએ, 'Handmade Fabric Flowers' જેવા વિષય પર એમના નિવાસ સ્થાને મિટીંગ યોજી હતી. અગાઉનો અહેવાલ વીણાબેન લાલકા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

ચાંદનીબેને બધી સખીઓનું સ્વાગત કર્યું. એમણે Fabric flowers બનાવવા માટે હર્ષનાબેન મોતાને આમંત્રિત કર્યા હતા. હર્ષનાબેને સૌ પ્રથમ white board પર ફૂલોના વિવિધ આકારો સમજાવ્યા અને વિસ્તૃત માહિતી આપી. વૃંદ દ્વારા મકર સંક્રાંતિની ઉજવણી કરવામાં આવી. લેખાબેને ચાંદનીબેનનો આભાર વ્યક્ત કર્યો.

## દુઃખદ નિધન



શ્રીમતી ધનબાઈ પ્રેમજી નરપાર શાહ (લોડાયા)-મોટી સિંધોડી (વડાલા) (શ્રી રાજેશભાઈ તથા તિલકભાઈ પ્રેમજી શાહના માતુશ્રી) તા. ૨.૪.૨૦૨૬ના અરિહંતશરણ થયા છે.

## હેમંત શાહ 'લખનૌ ફોકસ'માં

વરાડિયાના કેનેડાના વિનિપેગમાં રહીને કેનેડા ભારત વ્યાપારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હેમંત શાહ (લોડાયા)ની લખનૌની એક અગ્રણીય પત્રિકા 'લખનૌ ફોકસ'ના સંપાદકીય (એડિટોરિયલ-તંત્રીલેખ)માં નોંધ લેવાઈ છે. હિંદી ભાષાની આ મહત્ત્વપૂર્ણ પત્રિકામાં હેમંતભાઈ માણેકજી શાહ (લોડાયા)ની ભારત કેનેડા સંબંધો બાબત વિચારો, તેમની કારકિર્દી અને દ્રષ્ટિકોણ તથા અનુભવ 'એક ન્યૂઝ સ્ટોરી' રૂપે વર્ણવવામાં આવ્યા છે.

### તમે બધા તૈયાર છો?
### તો ચાલો નવી પ્રતિયોગિતા શરૂ કરીએ?
### પ્રકાશ સમીક્ષાનું ''વનિતા વિશ્વ'' મહિલાઓ માટે લાવી રહ્યું છે ગીત સંગીતની સ્પર્ધા

જેમને પણ ગીત સંગીતમાં રુચિ હોય, જેમની વય ૧૮ વર્ષથી ઉપર હોય. આ પ્રતિયોગિતા પણ ઓન લાઇન જ રહેશે એટલે દુનિયામાં ક્યાંય પણ રહેતી KDO LADY પોતાનું નામ રજિસ્ટર કરાવી શકે છે. સ્પર્ધાની વિગત ટૂંક સમયમાં જાહેર થશે. Registration માટે નીચેના મોબાઇલ નંબર પર નામ , ઉંમર અને ગામ what's app કરી શકો છો.

**મોઃ 98692 89345**


**સાચી જરી માટે રીચલ નામ**

જ્યોતિ
Sarees
Matunga (E)

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

**તા.ક. જુની સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા સારા ભાવે લેવામાં આવશે.**



# વતનના વર્તમાન

## સંકલન : કેસરસિંહ ખોના

### ઘોરાડ વૃંદમાં બાળ જન્મ

તા. ૧૬ માર્ચના રોજ કચ્છી ઘોરાડ વૃંદ અબડાસા અભયારણ્યમાં નવજાત બાળના આગમનથી સર્વત્ર આનંદ છે. રાજસ્થાનના સેમ અને રામદેવરા બ્રીડીંગ સેન્ટરથી છેક ૧૯ કલાકની જોખમી મુસાફરીમાં પોર્ટેબલ ઈન્ક્યુલેટરમાં સાચવીને લાવવામાં આવેલા ફલિત ઈંડાને કચ્છની ઘોરાડ માતાના માળામાં મુકવામાં આવેલા ઈંડામાંથી બાળ ઘોરાડનો જન્મ થતાં આનંદની હેલી આવી છે.

કચ્છમાં ગણીગાંઠી પાંચ-છ માદા ઘોરાડ છે. અબડાસાના મોટા વિસ્તારમાં પ્રસરેલા ઘાસિયા ઘોરાડ અભ્યારણ્યમાં એકપણ નર ઘોરાડ નથી તો પણ માદા ઘોરાડ વણફળેલા ઈંડા આપે છે. એને સેવે પણ છે. પરંતુ બચ્ચા જન્મતા નથી.

રાજસ્થાનના સેમ અને રામદેવરા બ્રીડીંગ સેન્ટરમાંથી એક ફળિત ઈંડુ કચ્છ લાવીને ઘોરાડના માળામાં રાખવામાં આવ્યું. માદા ઘોરાડ એને સેવતી રહી સમય જતાં બચ્ચું જન્મ્યું. આજે એ માદા ઘોરાડ એના બચ્ચા સાથે અભ્યારણ્યમાં વિચરતી જોવા મળે છે.

આ પૂરા આયોજનમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય, રાજસ્થાનના બ્રીડીંગ સેન્ટર, રાજસ્થાન અને ગુજરાતના વન વિભાગ, વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈંડિયા, કચ્છના સંબંધિત અધિકારીઓની મહેનતથી છેક ૧૦ વર્ષ બાદ કચ્છમાં ઘોરાડનો જન્મ થયો છે. નવજાત ઘોરાડની સુખ સુરક્ષાની પ્રાર્થના કરીએ.

### માણાબા ગ્રામ પંચયતે ઉજવ્યો વિશ્વ જળદિન

રાપર તાલુકાની માણાબા ગ્રામ પંચાયતે ગામના તળાવનો કાંપ કચરો સાફ કરી 'વિશ્વ જળદિન'ની ઉજવણી કરી ગામના સરપંચ અકબર રાઉમાએ જળ સ્ત્રોત કુવા તળાવ વગેરેને પ્રદુષણથી બચાવવા હાકલ કરી હતી. તળાવની સફાઈમાં ગામના વિવિધ વર્ગો અને પંચાયત કર્મચારીઓએ શ્રમદાન કરી વિશ્વ જળદિન ઉજવ્યો હતો.

### વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક મહાબળેશ્વર સહેલ

લિજ્જત પાપડના સૌથી મોટા નિકાસકાર પોપટરાજા સન્સ તરફથી લાખાબાવળ-જામનગરના પ્રભાદેવી નિવાસી મા. શ્રી ચુનીલાલભાઈ પોપટલાલ ગુટકા અને રંજનબેન ચુનીલાલ ગુટકાના આત્મશ્રેયાર્થે સાધર્મિક ભક્તિ તરીકે ૬૫થી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે ૩ રાત્રી/૪ દિવસ મહાબળેશ્વર યાત્રાનું આયોજન છે. યાત્રિકોને બસ, હોટેલવાસ, ફૂડ, સાઈટ સીઈંગ કરાવવામાં આવશે જે માટેની બધી વ્યવસ્થા તદ્દન નિઃશુલ્ક છે.

આ સેવા નોંધણી માટે ઓછામાં ઓછી બે વ્યક્તિઓના રજીસ્ટ્રેશન જરૂરી છે. દાખલા તરીકે પતિ અને પત્ની, અથવા બે પુરૂષ અથવા બે મહિલાઓ હોવી જોઈએ.

આ સહેલ દેશ પરદેશના કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે છે. સહેલ કાર્યક્રમ ૩૧.૧૨.૨૦૨૬ સુધીના ગાળા માટે દરરોજ બે જણ માટે છે.

રજીસ્ટેશન, નામ નોંધણી અને અન્ય વિગતો માટે જૈન રત્ન શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકાનો મો.: ૯૮૬૭૯૭૭૪૪૨ પર સંપર્ક કરવો.

### લખપત પ્રવાસન વિકાસ

લખપત તાલુકાના છેવાડે રણ અને રત્નાકર (સમુદ્ર) ભેગા થાય છે એ છેટ મોટી ગામને કેન્દ્રમાં રાખી પ્રવાસન વિકાસની શક્યતા વિચારાધીન છે.


છેર ગામ પાસે દરિયામાં સૂર્યાસ્તનું મનોરમ દ્રશ્ય ઉદ્ભવે છે. નજીકના પુરાતન મંદિર, ગુરુદ્વારા, લખપત ગઢ બૌદ્ધ ગુફાઓને જોવા માણવા પ્રવાસી આવતા રહે છે. હાલ વિશ્રામ માટે માત્ર એક છતરડી છે એ હવે રેલલાઈન મંજુર થતા લખપતા પ્રવાસને વેગ મળે એવી શક્યતા છે. આથી આ વિસ્તાર વિકાસ આધારિત રોજગાર ઉપલબ્ધ કરશે.

અનુસંધાન પાના નં. ૪૨

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ


સંપાદક : રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com

## જન્મ

